Since 1925...

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૩ • તા. ૧૪ ઑગસ્ટ ૨૦૧૭ થી ૨૦ ઑગસ્ટ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17





પર્વાધિરાજ પર્યુષણ

•••••

અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય
એવમ્
તમામ તપસ્વી સાધુ-સાધ્વીઓમાંથી પ્રેરણા લઈએ
સૃષ્ટિના તમામ સચરાચર, સુક્ષ્માતિસુક્ષ્મ જીવો પરત્વે
કરૂણા - અનુકંપા સેવીએ

•••••

સર્વત્ર મંગલમય વર્તો

•••••

પ્રકાશ - સમીક્ષા સમિતિ

श्रध्धांजलि

पापा आप हो कितने खास.....

स्व. विनयचंद्र रायचंद धरमशी

पापा आप हो कितने खास.....
पापा गले नही लगाते... प्यार नही जताते
कभी पसंद नही पुछते... फिर भी पसंद की हर चिज बिन कहे ला देते थे जाने कैसे...
बात करना उन्हें पसंद नही चुप ही रहते थे अवसर
फिर भी हमारे मन की बाते जान जाते थे जाने कैसे...
पापा कुछ शक्त सीं दुरीयाँ रखते थे हमारे साथ....
पर किसी ओर की सक्ती पसंद नहीं थी उन्हें....
अपने इस प्रेम को सक्ती से छुपाते थे जाने कैसे ?
फर्क नहीं उन्हें हम दुर हो या पास
जब की फर्क था उन्हें हम कहाँ है और किस के साथ....
कहते नहीं बताते नही छुपाते है जस्बात
आँसुओ के असीम सागर को सदा छुपाते थे जाने कैसे...
उठ कर चल देते थे जब भी बात होती थी भावुक सीं....
अपनी भावनाओं को कभी बहने नहीं देते जाने कैसे.....
पापा का जिवन थे हम..... और हमारे सब कुछ वो
न कभी खुद ने कहाँ न कभी कहने दिया
जब भी कहना चाहों, वात टाल देते थे वो जाने कैसे....
पर आज कहते है हम न रोक सकेंगे आप हमारी
आवाज हमारे जस्बात हमारे पापा
आप हो सबसे खास.... सबसे खास.....

पंकज – हिना, संजय – उमा, पारुल – राजेन्द्र
निशांत, जय, विरल, हार्दिक – स्नेह, श्रुती
धरमशी परीवार उज्जैन

આદ્યતંત્રીઓ

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

અંક નં. 33/2017

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

અપરિગ્રહ

આપણે જૈનો અથવા ભારતીયો આપણા પૂર્વજોનો વારસો કેવો ભવ્ય છે, તેઓ કેવા મહાન હતા એના ગુણગાન ગાવામાંથી ઊંચા આવતા નથી. ભગવાને આપેલી અણમોલ ભેટની આપણને કોઈ કિંમત નથી પોતાના નામની તક્તિઓ પાછળ ગાંડાઘેલા થઈ જઈએ છીએ. મારામારી કરીએ છીએ ત્યારે આજના ડીઝીટલ યુગનો સાયન્ટિફિક ત્યાગ જોઈએ.

પર્યુષણ પર્વ આવી રહ્યા છે. જૈન ધર્મનો અર્ક (સાર) ભારતની ત્યાગમૂલક સંસ્કૃતિના રિફલેક્શન જેવા એક શબ્દમાં આવી જાય છેઃ અપરિગ્રહ. ભલે વેપારીઓ તો સંઘરાખોરી જ કરતા હોય – પણ આકરી કસોટી કરતું તત્વદર્શન અપરિગ્રહનો મહિમા કરે છે!

જબરો વિરોધાભાસ એટલે છે કે આજકાલ તો સાધુઓને ય ભારે પરિગ્રહ હોય છે, બીજાથી આગળ નીકળવાનો. પોતાના પુસ્તકો છપાવવાનો કે ભવ્ય ધાર્મિક સમારંભો કરી ત્યાગના મહિમાનો સોટો પાડી દેવાનો! પોતાના ગુરૂઓની સાત સાત પેઢીઓના નામ પત્રિકાઓમાં છપાવવાના, ના છપાય તો ગુસ્સે થવાનું, નારાજ થવાનું.

પરંતુ અપરિગ્રહ એટલે મોહનો, કર્મબંધન – કર્મફળનો, વળગણનો અને ફાયદા–ગેરફાયદાના માપતોલનો ત્યાગ. વસ્તુ વાપરવાની જરૂર, પણ એની પાછળ પાગલ થઈને એને ચાહવાની નહિ, રિફિલ ખાલી થાય અને યુઝ એન્ડ થ્રો પેન ફેંકાઈ જાય એમ એનું કર્તવ્ય પૂરું થયે, એની લાલસામાંથી મુક્ત થઈ જવું કે ભોગવી લીધા પછી બીજાનો પણ વારો આવવા દેવો, એન સમર્પીત કરી દેવી તે.

પરિગ્રહ એટલે કબજો, જે તાણ આપે–દુઃખ આપે. અંતે તો બધા મરી જવાના છે એટલે – નામ–દામનો મોહ રાખી રાખીને કેટલો રાખવો? ગમતી ચીજ ગઈ તો દુઃખ થાય પણ દુઃખ અનુભવતું મન કે શરીર પણ એક દિવસ માટીમાં ભળી જવાનું છે! આ વાસ્તવમાંથી જન્મતું ડિટેચમેન્ટ 'કિ ફર્ક પેંદા' નો અંદરથી ઉઠતો ભાવ – એ અપરિગ્રહ!

પણ એવું નથી લાગતું કે ધર્મ ક્ષેત્રે તો એની ફક્ત વાતો જ થાય છે, જ્યારે વિજ્ઞાન ક્ષેત્રે એનું આચરણ આજના યુગમાં વધુ થાય છે!

સર ટીમ બર્નર્સ તો થોડા સમય પહેલા જ ગયા. નામ અજાણ્યું લાગ્યું? ઓકે. 'ડબલ્યુડબલ્યુડબલ્યુ' થી તો પરીચિત હશો. તો સર ટી બર્નર્સ એ વ્યક્તિ કે જેણે ૧૯૯૧માં પહેલી વેબસાઈટ બનાવી હતી.

આજે આપણે જે દુનિયા જોઈએ છીએ, એ ઈન્ટરનેટ યુગની પાયાની તખ્તાપલટ એમની શોધથી થઈ. એમણે એની પેટન્ટ લીધી જ નહિ. બસ, માનવજાતને આ શોધ ગિફ્ટમાં આપી દીધી.

સાઈબર સૃષ્ટિ મફત થઈ, એટલે જ વ્યાપક થઈ. ધડાધડ સ્પ્રેડ થઈ, ફેલાઈ, વેબસાઈટે આપણી ઈન્સાઈટ બદલી નાખી. કદાચ ટીમ બર્નર્સને આ ક્રાન્તિકારી પરિવર્તન જોવામાં જ સંતોષ મળ્યો. બિલ ગેટ્સ કે સ્ટીવ જોબ્સ પણ એમની શોધ વિના આટલું કમાયા ન હોત.

આવા જ બીજા હતા ડગ્લાસ એન્જલબર્ટ. જેમને પણ આપણે ઓળખતા નથી. એમણે કોમ્પ્યુટર માઉસ ૧૯૬૮માં બનાવેલું. ત્યારે એની ઉપયોગિતાની કલ્પના જ નહોતી. ૧૯૮૭ પછી જ્યારે ખરેખર એનો ઉપયોગ શરૂ થયો ત્યારે એમણે પેટન્ટ લીધી જ નહિં. નહિ તો આજે ડગ્લાસના ખાતામાં દરેક ક્લિકે રૂપિયા ઉમેરાતા હોત!

ડાઈસૂકે ઈનોઉ નામના જાપાનીઝ ઈન્વેન્ટરે આજે દરેક ઈવેન્ટની જાન બનેલી કરાઓકે ટેક્નોલોજી (સેપરેટ મ્યુઝિક ટ્રેક રેડી હોય અને ગાઈ શકાય) શોધી અને જગતને સોંપી દીધી. કોઈ પેટન્ટના હક્ક રાખ્યા વિના! એમ તો ટાર્વી બોલનું નામ સાંભળ્યું છે? ૧૯૬૩માં આ ડિઝાઈનરે એક એવી શોધ કરી, જેનાથી ડિજીટલ કોમ્યુનિકેશન આજે જે હર્યું ભર્યું છે. અરે,

એની શોધ વિના તો મોબાઈલ હાથમાં લેવાની મજા જ નથી. ડિજીટલ ગેજેટ્સમાં આવા દષ્ટાંતો ઢગલો જોવા મળશે.

૧૮૨૦ના દાયકામાં જોન વોકરે માચીસ બનાવેલી. ત્યારે તો એ અનિવાર્ય હતી જ, અને આજે ય હજુ દીવાસળી વગરની દુનિયા નથી જ! એણે પણ જનકલ્યાણ ખાતર એની પેટન્ટ લીંધી જ નહીં. નહિ તો એ ય અબજો નહિ, ખર્વોપતિ બની ગયા હોત.

૧૯૩૦ના દાયકામાં નેધરલેન્ડના યુવાન ડૉક્ટર વિલ્ટેમ કોલ્ફે કૃત્રિમ કિડનીની શોધ કરી અને ડાયાલિસીસ મશીનના આધુનિક અવતારનો જન્મ થયો. આજે ડૉ. કોલ્ફ પણ ખર્વોપતિ બની શક્યા હોત પરંતુ તેમણે એ શોધની માનવતાના નાતે પેટન્ટ ન લીધી. અને માનવજાતના ચરણે મફત ધરી દીધી!

એવું જ રાષ્ટ્રકલ્યાણ ખાતર મિખાઈલ ક્લાશ્નિકોવે કર્યું. એકે - ૪૭ જેવી જગ મશહુર મશીનગન દેશને સમર્પિત કરી. સોવિયેત રશિયા એના ઉત્પાદનમાંથી પુષ્કળ કમાયું પણ મિખાઈલને કમાણીની કશી પડી નહોતી.

આ બધા મહાનુભાવોએ પેટન્ટ કરાવીને રોકડા મેળવવાની પરવા જ ન કરી, માનવજાતના વિકાસમાં પોતાનું યોગદાન સમજી મોટા ભાગે નામની ક્રેડિટ પણ જવા દીધી! ઈન્વેન્શનની પ્રોસેસ પોતાના પેશનથી એન્જોય કરી, બસ.

અને આવા ઉદાહરણો અહીં લખ્યા એટલા જ નથી. પ્રકાશ સમીક્ષાના આખા વર્ષના પાના પણ એના માટે ઓછા પડે. વ્યક્તિગત ઓળખી શકાય એવી શોધ અને શોધકો તો જવા દઈએ, પણ પ્રાચીનથી અર્વાચીન કાળ સુધી માત્ર ફિલોસોફિકલ ઉપદેશો અને વ્યાખ્યાનો નહિ, પણ રિયલ લાઈફમાં ઉપયોગી થાય, એવા કેટલા બધા આવિષ્કારોની ભેટથી આપણું રોજીંદુ જીવન સમૃધ્ધ બનાવ્યું છે!

છેલ્લે આપણા બધાનો આખો દિવસ જે માણવામાં જાય છે, એ રોજે રોજ ટવીટર ટ્રોલ કે વોટ્સએપ ગ્રુપ્સમાં ઠલવાતા અવનવા ફની જોક્સ, સ્માર્ટ સુવાક્યોના મેસેજીસ કોણ બનાવે છે? સર્જક સ્વયં પોતાનો લોપ કરી કોઈ ફળદ્રુપ ભેજામાંથી નિકળેલી સ્માર્ટ કટને આપણા મનોરંજન માટે વહેતી કરે છે અને અઢળક જોક એકધારા ઠલવાતા જ રહે છે, તેઓ કોણ છે?

ટૂંકમાં, કેટકેટલા લોકો નામ-દામ બાબતે તદ્દન બેપરવાહ રહીને આપણું રોજેરોજનું રૂટીન-બોરિંગ જીવન રસપ્રદ બનાવે છે, શારીરિક તકલીફો કે વ્યવહારૂ અગવડો મટાડતા વિચારો-શોધખોળો તરતી મૂકે છે તેમને વંદન ના કરવા જોઈએ?

અજાણતાં પણ જેમણે ભગવાન મહાવીરના 'અપરિગ્રહ' સિદ્ધાંતનું પાલન કર્યું છે એવા ડીઝીટલ યુગના બીન જૈન મહાનુભાવોને કોટિ કોટિ વંદના...

- પ્રવીણ લોડાયા (વડોદરા)

જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે. તેની સૌએ નોંધ લેવી.

પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST

પ્રકાર	સાઈઝ	કલર	બ્લેક/વ્હાઈટ
આખું પાનું	160 x 225 mm	9,000/-	5,000/-
અડધું પાનું	160 x 111 mm	5,000/-	2,700/-
પા પાનું	77 x 111 mm	3,000/-	1,500/-
૧/૮ પાનું	77 x 54 mm	-	800/-
૧/૧૬ પાનું	77 x 27 mm	-	450/-

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હૉટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

જૈન માયનોરીટી માટે સરકારી સ્કોલરશીપ યોજનાઓ

ભારત સરકારે જૈન ધર્મ પાળતા નાગરિકોને ૨૦-૧-૨૦૧૪ના ગેઝેટ દ્વારા ધાર્મિક લઘુમતીમાં આવર્યા. મહારાષ્ટ્ર રાજ્યે દશ વર્ષ પહેલાં જ આ ઘોષણા કરી હતી ગુજરાત રાજ્યે ગયા વર્ષે આ દરજ્જે જૈનોને આપ્યો. આ દરજ્જાથી જૈનો સરકારે જ્ઞાતિ પ્રમાણે ઠેરવેલા વર્ગમાં આવતા નથી.

આ ફાળવણીથી જૈનોને લઘુમતિઓ - પારસી, મુસ્લીમ, શીખ, ખ્રીસ્તી અને બૌધ - ને મળતા લાભો મેળવવા હક્કદાર બને છે. જૈન ધર્મના રીતરિવાજો - જેમકે સંથારો, બાળદિક્ષા બાબત કોઈ પરધર્મીને બોલવાનો હક્ક નથી રહેતો. આપણી સંસ્થાઓને સરકાર કિફાયત ભાવે જમીન આપી શકશે. જૈનોની શૈક્ષણિક સંસ્થાઓમાં ૫૦% જૈન ધર્મીઓને દાખલો મળશે વગેરે.

આજે શિક્ષણ બહુજ મોંઘું થયું છે. શિક્ષણ જ સમાજને સામાજિક, આર્થિક સધ્ધરતા પ્રદાન કરે છે. આ માટે ભારત સરકાર વતી દરેક રાજ્યોની માયનોરીટી કમિશન સ્કોલરશીપ/લોન મેળવવા મદદ કરે છે. આ વર્ષે ભારત સરકારે લઘુમતિઓને શૈક્ષણિક મદદ માટે રૂા. ૪૨૩૦ કરોડ ફાળવ્યા છે. આ સુવિધાનો લાભ લેવા જૈનોની ઘણી સંસ્થાઓ પોતના સમાજ/જ્ઞાતિના બાળકો માટે કાર્ય કરી રહી છે. ખાસ કમિટીઓની રચના કરીને માર્ગદર્શન આપે છે. રાજકોટના વકીલ શ્રી પારસભાઈ લાઠિયા મહારાષ્ટ્ર/ગુજરાતમાં ફરીને લાભ લેવા સમજાવે છે અને કેવી રીતે અરજી કરવી, શું કરવું, શું ન કરવું સમજાવીને જૈનોને જાગૃત કરી રહ્યા છે. ત્યારે આનો લાભ લેવા આપણી જ્ઞાતિમાં કોઈ પ્રયાસ થયા નથી. ક.વી.ઓ. જ્ઞાતિના બંને મહાજનો-દેરાવાસી તથા સ્થાનિકવાસી એ જૈન માયનોરીટી સમિતિઓ બનાવી છે. પત્રિકામાં વિવિધ જાહેરાતો દ્વારા માર્ગદર્શન આપે છે. સભાઓ યોજે છે. મહારાષ્ટ્ર સરકાર તરફથી અવાતા છત્રપતિ શાહુ મહારાજ શિક્ષણ પ્રતિપૂર્તિ યોજના હેઠળ મળતા ૫૦% ફી સ્કોલરશીપ બાબત જાણકારી આપે છે.

જ્ઞાતિની ૬૦% વસતીનું પ્રતિનિધિત્વ કરતાં મુંબઈ મહાજને અથવા શિક્ષણ પ્રસારક સમિતિએ આ બાબતમાં તુંરત કારવાઈ કરવી જોઈએ. નવી અરજીઓ મોકલવાની છેલ્લી તારીખ ૩૧ ઑગસ્ટ ૨૦૧૭ છે. આ યોજનાઓનો લાભ લઈને આપણા શૈક્ષણિક ફંડોની રકમ બચે તો ૫/૭ વર્ષમાં આપણે આપણી સ્કુલ કે કોલેજ ઊભી કરવા સક્ષમ થશું. પરદેશમાં શિક્ષણ લેવા બાબત પણ ઘણીજ જાણકારી લાઠિયા આપે છે. નિયમોનુસાર ૧ લાખથી ૨૦/૨૫ લાખના લોન મળી શકે.

- રમેશ મોતા

Central Govt. (Minority Affairs)

રાષ્ટ્રીય સ્કોલરશીપ Pre Matric, Post Matric & Merit cum Means Scholarship for Fresh Registration and Renewal Application વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે તા. ૧-૬-૨૦૧૭ થી ચાલુ થઈ ગયેલ છે.

કેન્દ્ર સરકાર તરફથી જૈન માયનોરીટીને પાત્ર લાભ હેઠળની વિવિધ સ્કોલરશીપ માટે ઓન-લાઈન ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા શરૂ થઈ ગયેલ છે. વિદ્યાર્થીઓએ **www.scholarships.gov.in** પર લોગ-ઇન કરીને અરજી કરવી. જે વિદ્યાર્થીઓએ ગયા વર્ષે ઉપરોક્ત સ્કોલરશીપ માટે અરજી કરેલ હોય તેમણે ફક્ત **રીન્યુઅલ** માટે અરજી કરવી.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ થી મહારાષ્ટ્ર રાજ્ય સરકાર પુરસ્કૃત રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજ શિક્ષણ પ્રતિપૂર્તિ યોજના હેઠળ ૫૦% ફી સ્કોલરશીપ રૂપે નીચેના અભ્યાસક્રમો માટે મળી શકે છે.

Engineering, Pharmacy, Hotel Management, Catering Technology, Masters in Business Management, Masters in Management Master in Computer Application, M.B.B.S., Dental, B.A.M.S., B.H.M.S. Nursing

રાજર્ષી છત્રપતિ શાહુ મહારાજ શિક્ષણ પ્રતિપુર્તિ યોજનામાં લાભ મેળવવા માટે જરૂરી યોગ્યતાઓ

૧) વાલીની સંયુક્ત આવક ૬ લાખથી ઓછી હોવી જોઈએ.
૨) એડમીશન ફક્ત CAP ROUND થી થયેલ હોવું જરૂરી છે.
૩) ડીપ્લોમા માટે ૧૦માં ધોરણ અને ડીગ્રી કોર્સ માટે ૧૨ ધોરણ માં ૬૦ ટકા થી વધુ હોવા જરૂરી છે.
૪) મહારાષ્ટ્ર રાજ્યનો રહેવાસી હોવું જરૂરી છે.

કેન્દ્ર સરકાર તથા મહારાષ્ટ્ર રાજ્ય સરકારની સ્કોલરશીપ યોજનાનો લાભ લેવો એવી વિનંતી.

યોજનામાં લાભ લેવા માટે જરૂરી દસ્તાવેજો

૧. આવકનું પ્રમાણપત્ર
૨. DOMICILE CERTIFICATE
૩. પાછલા વર્ષની માર્કશીટ
૪. ONLINE APPLICATION ની RECEIPT.
૫. રેશન કાર્ડની ફોટો કોપી
૬. ફીસની RECEIPT
૭. આધાર કાર્ડની ફોટો કોપી.
૦૮. જો અભ્યાસક્રમની વચ્ચે DROP લીધું હોય તો તે માટે AFFIDAVIT.
૦૯. જો આવકનું પ્રમાણપત્ર માતાના નામનું હોય તો, પિતાનું મ્રુત્યુ પ્રમાણપત્ર.
૧૦. બેંક પાસબુકની ફોટો કોપી, એકાઉન્ટ વિદ્યાર્થીના નામનું હોવું જોઈએ અને આધાર કાર્ડ સાથે લીંક કરેલું હોવું જોઈએ.
૧૧. જો આવક કોર્ષ ફીની રકમ ના ૫૦% થી ઓછી હોય તો બેંક તરફથી CERTIFICATE અથવા અન્ય શ્રોતનું પ્રમાણપત્ર.
૧૨. વિદ્યાર્થી તરફથી SELF DECLARATION.
૧૩. INSTITUTE તરફથી એડમિશન અથવા ALLOTMENT LETTER.
૧૪. એપ્લિકેશન ફક્ત ઓનલાઈન થશે.

આ યોજનાનો લાભ લેવા માટેની પ્રકીયાની આછી સમજ નીચે મુજબ છે.

૧. આ યોજના ફક્ત ઓનલાઈન જ ઉપલબ્ધ છે. આ યોજનાનો લાભ લેવા માટે CAP ROUND દ્વારા એડમીશન મેળવવું જરૂરી છે.
૨. CAP ROUND માટેના એપ્લીકેશન I.D. તેમજ PASSWORD નો ઉપયોગ કરવો. જો I.D. અથવા તો PASSWORD માટે કોઈ સમસ્યા હોય તો વિદ્યાલયના પ્રાચાર્ય નો સંપર્ક કરવો.
૩. ઓનલાઈન એપ્લીકેશન કરતી વખતે ૧૦મી, ૧૨મી તેમજ છેલ્લે ઉત્તીર્ણ થયા હોય તે ધોરણની માર્કશીટ, DOMICILE CERTIFICATE, INCOME CERTIFICATE, આધાર કાર્ડ, ફી રસીદ, બેંકની પાસબુકનું પ્રથમ પાનું વિગેરેની સ્કેન કોપી તૈયાર રાખવી. બેંક એકાઉન્ટ, આધાર કાર્ડ સાથે લીંક કરેલું હોવું જરૂરી છે.
૪. એપ્લીકેશન કર્યા બાદ તેને SAVE કરીને પ્રિન્ટ આઉટ લેવી. પ્રિન્ટ આઉટ પર વિદ્યાર્થીની પોતાની સહી, વાલીની સહી તેમજ વિદ્યાલયના પ્રાચાર્યની સહી લેવી. લીધેલી પ્રિન્ટ આઉટ સાથે શૈક્ષણિક પ્રમાણપત્રો, બંને વાલીઓની આવકના પ્રમાણપત્રો (તહેસીલદાર દ્વારા આપાયેલ) અધિવાસનું પ્રમાણપત્ર ભરેલી ફીની રશીદ, આધારકાર્ડ તેમજ AFFIDAVITS ની ઓરીજીનલ કોપી જોડીને વિદ્યાલયમાં જમા કરાવવી તેમજ ત્યાંથી જમા પહોચ લેવી. કરેલ અરજીની સ્થિતી અને તેમજ મંજુરીને લગતી જાણકારી ફક્ત ઓનલાઈન જ મળશે.
૫. દરેક પ્રમાણ પત્રમાં આધાર કાર્ડ તેમજ બેંક માં એક સરખા SPELLING હોવા જરૂરી છે. SPELLING માં ફેરફાર હોવાના કારણે શિષ્યવૃત્તિ રદ થઈ શકે છે.
સામાન્ય રીતે આ યોજના ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં ખુલ્લી મુકાય છે. પણ એ પહેલા વિદ્યાર્થીએ DOMICILE CERTIFICATE, PARENTS INCOME CERTIFICATE તેમજ NATIONALISED BANK ACCOUNT, AADHAR CARD સાથે LINKED કરાવવું જરૂરી હોવાથી આ ત્રણ DOCUMENT તૈયારી હમણાંથી કરવી.

કચ્છી મેઘના સંદેશ વાહક

કચ્છમાં અતિ વરસાદના સમાચાર વૉટસઅપ અને ટી.વી ચેનલોમાં જોતા આંજી જવાય છે ત્યારે એ જમાનો યાદ આવે છે ન મોબાઈલ હતા કે ટી.વી. જૂજ ટેલીફોન અને રેડિઓ સમચારો ઉપર મદાર રાખવો પડતો ત્યારે કોઠારાના ઘાટકોપરવાસી સ્વ. કુંવરજી નરશી પટેલ (લોડાયા) ધંધાકીય બાબતોને પડખે મૂકી કચ્છના સમાચારો મેળવવા તત્પર રહેતા. ત્યાં વસવાટ કરતાં સગાં સંબંધી અને ઓળખીતા પાળખીતા સંપર્ક સાધવા સાવધાન થઈ અવાર નવાર પૂછપરછ કરવાનું ભૂલતા નહિં.

તેમની ખુબી કહો કે વિશિષ્ટતા એ રહી કે કચ્છમાં મેઘ પધાર્યાના વધામણા એ બાબતમાં રસ ધરાવતાઓને વિના વિલંબે પહોંચાડતા. હું ભાગ્યશાળી છું કે મને શુભ સમાચાર પહોંચતા કરવા ચાહે હું ઑફિસમાં હોઉં કે ઘરે અચૂક સંપર્ક કરતા.

કચ્છના વરસાદના ચાહક બની સંદેશ વાહક સ્વ. શ્રી કુંવરજી નરશી પટેલને પ્રણામ.

– કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ

|| જય શ્રી અંબે માતાય નમો નમઃ ||

શ્રી સોની ગોત્રનાં કુળદેવી શ્રી અંબામાતાજીની સમુહ પહેડી

વાંકુ – સાંયરા – જખૌ

કચ્છ – વાંકુ ગામમાં બિરાજમાન કુળદેવી **શ્રી અંબામાતાજીની સમુહ પહેડી** સંવત ૨૦૭૩, આસો સુદ ચોથ **રવિવારનાં તા. ૨૪-૦૯-૨૦૧૭**ના શુભ દિવસે ડોંબિવલી મુકામે રાખેલ છે.

આ શુભ અવસરે શ્રી અંબામાતાજીનો પ્રસાદ લેવા તથા ભક્તિ કરવા મુંબઈ તેમજ બહારગામમાં વસતા સોની પરિવારના ભાવિકો તેમજ **નિયાણી – દિકરીઓને** સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.

પહેડીનું સ્થળ અને સમય : **હોરાઈજન હૉલ,**
૧લે માળે, શનિ મંદિરની સામે,માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ).
સમય : **સવારનાં ૯.૩૦ કલાકે**

સંપર્ક :

વિજય વી. સોની	- 9594692692	મેહુલ જી. સોની	- 9819118329
લહેરચંદ વી. સોની	- 9594671420	ધિરેન સોની	- 8879155051

"મારા મારગ પર પગ રાખીને જો, તારા બધા માર્ગ ન ખોલી દઉં તો કહેજે"

"મા તો આપણી, આપણે માં નાં, તો પછી વિચાર શુ કરો,
આપણે ડોંબિવલી જરૂરથી જવાનાં"

નોંધ : બહારગામથી પધારનાર ભાવિકોને અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

|| શ્રી જય આશાપુરા માતા નમઃ ||

માઁ આશાપુરા માતાની અગીયારમી પહેડી

સહર્ષ જણાવવાનું કે મોટી સિંધોડીમાં બિરાજમાન મૈશેરી પરિવારના કુળદેવી **શ્રી આશાપુરા માતાની અગિયારમી (૧૧મી) પહેડી** આસો સુદ ત્રીજ (૩), **શનિવાર, તા. ૨૩-૯-૨૦૧૭ના શુભદિને સાંજે ૪ વાગે** રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનોને સપરિવાર પહેડી પ્રસાદ લેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે.

ભુઈમાં ખમાવંતી ગુલાબ મૈશેરીના જય માતાજી.

પહેડીના લાભાર્થી પરિવાર

માતુશ્રી કાંતાબેન શીવજી મૈશેરી – નાની સિંધોડી
માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા – સાંધવ

પહેડી - પ્રસાદ સમય :
સાંજે ૪.૩૦ વાગે

સ્થળ : જૈનમ બેંકવેટ હૉલ,
ગ્રાઉન્ડ ફ્લોર, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

નોંધ : પહેડીમાં કાળા કપડા પહેરવાની સખત મનાઈ છે.

આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી – ભાગ ૨

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

૪) રમતગમત અને હાડકાની તંદુરસ્તી : એક રીસર્ચમાં જણાયું છે કે અમુક આઉટડોર એટલે કે ઘરની બહારની રમતો રમનારને સાંધાઓ, હાડકાઓ પર શરીરનું વજન આવે છે, ખૂબ શક્તિ વપરાય છે અને મજબુત બને છે. ફુટબોલ, ટેનીસ, બેડમિંટન, બાસ્કેટબોલ, વૉલીબૉલ જેવી રમતો આ પ્રકારની રમતો છે. સાઈકલીંગ, સ્વીમીંગ વગેરે આ પ્રકારની કસરતમાં ન આવે. ક્રિકેટમાં પણ ક્યારેક જ દોડવાનું કે કોઈકને બોલિંગ–બેટીંગ કરવાની હોય બાકીના રમનાર એક જગ્યાએ ઉભા હોય એટલે એ પણ આ પ્રકારની કસરતમાં ન આવે. ફુટબૉલ, વૉલીબોલ, ટેનીસ, બેડમિંટન, બાસ્કેટબૉલ જેવી વેઈટબીઅરીંગ, હાઈઈમ્પેક્ટ અને હાઈઈન્ટેન્સીટી કસરતો કરનારના હાડકા આ બાકીની રમતો રમનાર કરતાં વધારે તંદુરસ્ત અને મજબુત હોય છે. અલબત્ત જે બિલ્કુલ રમત નથી રમતા કે કસરત, ચાલવાનું વગેરે નથી કરતા એમના કરતાં બાકીની રમતો રમનારના હાડકા થોડા મજબુત હોય છે. ૩ કલાક ફુટબોલ, ટેનીસ જેવી રમતો રમનાર કે કસરત, જોગીંગ કરનાર, દિવસમાં પોણો કલાક ચાલનારના અન્નનું પાચન થઈ, કેલ્શિયમ શરીરમાં શોષાય છે અને હાડકામાં જમા થાય છે. જેથી હાડકા મજબુત અને તંદુરસ્ત થાય છે જ્યારે બેઠાડુ જીવન જીવનારના હાડકામાં કેલ્શિયમ ઓછું જમા થવાથી ઓસ્ટીઓપીનીઆ (હાડકામાં કેલ્શિયમનું ઓછું પ્રમાણ) કે ઓસ્ટીઓપોરોસીસ (હાડકા છિદ્રાળુ) થાય છે અને સહેજ લાગવા કે પડી જવાથી ફ્રેક્ચર થવાની શક્યતા વધી જાય છે. બાળકો, યુવાનોને રમતગમત માટે પ્રોત્સાહન આપો પણ રમનાર સંભાળે કે શરીર, સાંધાને, હાડકાને ઈજા ન થાય. રીસર્ચમાં વધુમાં જણાયું છે કે આવી રમતો રચનારના હાડકાનું ડેવલપમેંટ પણ સારૂ થાય છે. ઓસ્ટીઓપોરોસીસ અને ફ્રેકચર વિશે પૂર્ણ માહિતિ માટે વાંચો. પ્ર.સ. અંક ૩૭–૬ થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૪. પાનું ૧૮ અને પ્ર.સ. અંક ૩૫ થી ૨૯ ઑગસ્ટ ૨૦૧૪ પાનુ ૧૩–૧૪.

૫) હાઈ બી.પી. : હાઈ બી.પી.ની તકલીફ બહુ સામાન્ય છે. જેમને પણ સીસ્ટોલિક એટલે કે ઉપરનું બી.પી. ૧૪૦ મી.મી. થી ઉપર રહેતું હોય, ડાયાસ્ટોલિક એટલે કે નીચેનું બી.પી. ૯૦ મી.મી. થી વધુ રહેતું હોય એમને ડૉક્ટર બી.પી. માટેની ગોળી લેવાનું કહે છે. લખી આપે છે. બી.પી. વધુ રહેતું હોય તો ગોળીઓ લેવી પડે, ન લઈએ તો આંખથી લઈને, કીડની, હૃદય સુધીના શરીરના દરેક અવયવને નુકશાન થાય. સાથે સાથે આ ગોળીઓ લઈએ તો એની સાઈડ ઈફેક્ટ પણ થઈ શકે. કબજીયાત, થાક, નબળાઇ, જાતીય ઈચ્છામાં ઘટાડો તેમજ કિડની અને લીવર ફેઈલ્યોર પણ થઈ શકે. માટે ખાવાપીવામાં સંભાળ રાખીએ, બેઠાડુ જીવન ત્યજીએ, ટેન્શન ફ્રી જીવન જીવવા કોશીશ કરીએ, ગુસ્સો, ઈર્ષ્યા, અદેખાઈ, નિંદા જેવા નીગેટીવ પરીબળો દૂર કરી સ્વભાવ બદલાવીએ, સંતોષી થઈએ, પૂરતી અને શાંત ઉંઘ કરીએ અને વધુ પડતા સ્વાર્થી ન બનતા કોઈને મદદરૂપ થઈએ, સેવાભાવ કેળવીએ આમ લાઇફસ્ટાઈલ ચેન્જ કરીએ અને હાઈ બી.પી.ને વગર ગોળીએ નોરમલ કરવા કોશીશ કરીએ. હાઈ બી.પી.ની સંપૂર્ણ માહિતી માટે વાંચો પ્ર.સ. અંક ૧૦ તા. ૨ થી ૮ માર્ચ ૨૦૧૩ પા. ૧૭–૧૮–૧૯.

૬) સંતરા : સંતરાએ આપણને કુદરત તરફથી મળેલી એક ઉત્તમ ભેટ છે. સંતરામાં વિટામિન એ, બી. કોમ્પ્લેક્સ, સી, ફ્લેવેનોઈડ્સ, એમીનો એસીડ, કેલ્શિયમ, સોડીયમ, પોટેશ્યમ, મેગ્નેસીયમ, કૉપર, સલ્ફર, ક્લોરાઈડ, આયોડીન, કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ફાયબર વગેરે હોય છે. ૧૦૦ ગ્રામ વજનના સંતરામાં મોઈશ્ચર ૮૭.૬%, કાબોહાઈડ્રેટ ૧૦.૯%, પ્રોટીન ૦.૭%, ચરબી ૦.૨%, ફાઈબર ૦.૩%, કેલ્શિયમ ૨૬ મી.ગ્રા., ફોસ્ફરસ ૨૦ મી.ગ્રા., આયર્ન ૦.૩ મી.ગ્રા., વિટામીન સી ૩૦ મી.ગ્રા. થોડા પ્રમાણમાં બી–કૉમ્પ્લેક્સ, વિટામીન એ વગેરે હોય છે. એમાં રહેલા ફાયબરને લીધે પેટ સાફ થાય છે, ગેસ ઓછો થાય છે. સંતરા ખાવાથી ભુખ લાગે છે, શરીરને પોષણ મળે છે. પાચકરસ ઝરે છે તેથી પાચનક્રિયા સુધરે છે. સંતરાનું નિયમિત સેવન કરવાથી વિટામીન 'એ' અને 'સી' મળવાથી પ્રતિકાર શક્તિ વધે, શરદી, ફ્લુ જેવી બિમારીઓ જલ્દી લાગુ પડતી નથી, શરીરમાં ક્યાંય રક્તસ્ત્રાવની શક્યતા ઓછી થાય છે. શ્વેતકણોની સંખ્યા વધે છે. સંતરાનો રસ આબાલ વૃદ્ધ સૌને પચે છે, પેટની બિમારીઓ માટે ગુણકારી છે. તેનો રસ લેવાથી શોષ, અરૂચિ દૂર થાય, શરીરની બળતરા ઓછી થાય છે. પિત્ત ઓછું થાય છે, રક્તશુદ્ધિ થાય છે. તેમાંથી મળતી ફ્રકટોઝ શક્તિનો સ્ત્રોત છે. રોજ સાંજે કે રાત્રે સુતાં પહેલા એક બે સંતરા ખાવાથી કબજીયાતની તકલીફ દૂર થાય છે, વાયુ દૂર થાય છે. કબજીયાત અને ગૅસની તકલીફવાળાએ નિયમિત બે સંતરા ખાવા જોઈએ. પેટના દુઃખાવામાં અડધો કપ સંતરાના રસમાં થોડી સેકેલી હિંગ નાખીને પીવાથી લાલ થાય છે.



૭) ઉત્તાન પાદાસન : આ આસન કરવાથી પેટના દરેક સ્નાયુને પૂરી કસરત મળે છે તેથી પાચનતંત્ર વ્યવસ્થિત થાય છે, સ્વાદુપિંડ બરાબર

કામ કરે છે તેથી કબજીયાત અને અપચન જેવી તકલીફો દૂર થાય છે, વારંવાર હેડકી, ઓડકાર આવતા હોય તો દૂર થાય છે. શરીરની સ્થૂળતા ઓછી થાય છે. પીઠનો દુઃખાવો, કમર, નિતંબની તકલીફો દૂર થાય છે. હરસ, મસાની શરૂઆત હોય તો આ આસન કરવાથી લાભ થાય છે. જરા જરા વારે મળવિસર્જનની તકલીફવાળાને, અપાનવાયુવાળાને ફાયદો થાય છે.

પધ્ધતિ : સવારના ખાલી પેટે પીઠપર સીધા સુઈ બન્ને હાથની હથેળી જમીનને અડકે એમ શરીરની બાજુમાં હાથ રાખવા. બંને પગની એડી અને પંજા જોડેલા રાખવા ધીમેથી શ્વાસ અદર ખેંચી ધીમે ધીમે બન્ને પગ જમીનથી ૪૫ અંશ ઉપર લ્યો. પગને ટટ્ટાર, સીધા રાખો. શ્વાસ રોકેલો રાખી આઠ સેકન્ડ સુધી આ સ્થિતિ જાળવી રાખો. પછી ધીમી ગતિએ પગ નીચે લાવો અને શ્વાસ છોડો. આઠ સેકન્ડના આરામ પછી ફરીથી આ આસન કરો. શરૂઆતમાં દિવસમાં ૪ વખત અને પછી પાંચ થી છ વખત આસન કરવું.

૮) પ્રોબાયોટીક ખાદ્ય : પ્રોબાયોટીક ખાદ્ય એટલે દૂધ, દહીં, આઈસક્રીમ, દૂધમાંથી બનતી વસ્તુઓ વગેરે. પ્રોબાયોટીક ખાદ્ય એ માઈક્રો બાયોકલ ફૂડ સ્પલીમેન્ટ છે. જે આંતરડા, પાચન માટે ફાયદાકારક છે. આ ખાદ્ય શરીરમાં જરૂરી બેક્ટેરીયા પેદા કરે, તે રોગને મારી હટાવે, પાચનમાં મદદરૂપ થાય. ખાસ કરીને દૂધ કે દૂધમાંથી બનેલી વાનગીઓ પચાવવામાં, રોગ સાથે લડવાની શક્તિ આપતા કોષો બનાવવામાં મદદરૂપ થાય. પેપ્ટિક અલ્સર (જઠરનું ચાંદુ) થવાની શક્યતા ઘટાડે, એસીડીટી, છાતીમાં બળતરા જેવી પેટ-પાચનને લગતી અનેક સમસ્યાથી રાહત અપાવે, કેન્સર થવાનું જોખમ ઘટાડે, યુરિન ઈન્ફેક્શનમાં રાહત મળે, ખાવાની અરૂચિ ઘટાડે, કોલેસ્ટ્રોલ ઘટાડે. આ બેક્ટેરીયા દૂધ કે દૂધમાંથી બનતા ખાદ્યમાંથી મળે છે. આમાં સૌથી વધુ ઉપયોગી બેક્ટેરીયા લેક્ટોબેસીલસ અને બીફીડોબેક્ટેરીટામ છે. જે બજારુ ખાદ્યમાં ઉમેરવામાં આવે છે. તેથી આ ઉણપ માટે દવા ગોળી લેવા કરતાં બજારમાં મળતા પ્રોબાયોટીક ખાદ્ય સારા. પંરતુ બજારમાંથી ખરીદતી વખતે તેમા પર લાઈવ એક્ટીવ કલ્ચરનું સીલ હોય તેની ખાત્રી કરી લેવી.

- (ક્રમશઃ)

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

ઋણ સ્વિકાર....



સ્વ. વિનયચંદ્ર રાયચંદ ધરમશી

સુથરી - ઉજ્જૈન

સ્વર્ગવાસ : તા. ૨-૮-૨૦૧૭

આપ સર્વેનો જેમણે આ દુઃખદ સમયમાં
રૂબરૂ, પત્ર, ટેલીફોન દ્વારા
અમારા દુઃખમાં સહભાગી થવા બદલ.....

પત્ની : નિર્મલા વિનય ધરમશી
નાનાભાઈ : છત્રપતી ધરમશી
મોટા બહેન : લક્ષ્મી લક્ષ્મીપતી કુરૂવા

લુઠીયા પરિવાર
પંકજ - હિના સંજય - ઉમા
નિશાંત, જય, વિરલ

ધરમશી પરિવાર - ઉજ્જૈન

ક.દ.ઓ. લિડરશીપ સમિટ

સમિટમાં ચર્ચાયેલ વિષયો બદલ શ્રી પ્રવિણભાઈ લોડાયા અને શામજી પદમશી છેડાના લેખો સ્તુતીય છે.

તદ્‌ઉપરાંત નીચે જણાવેલ પાયાના વિષયો પર પણ તાત્કાલીક ધ્યાન આપવું જરૂરી છે.

૧) આપણા બાળકોમાં ધર્મનું અજ્ઞાન અને જ્ઞાતિના ધાર્મિક/સામાજીક ઉત્સવોમાં ભાગ લેવાની અરૂચી આ જ્ઞાન અને રૂચી કેળવવા આપણી પોતાની ક.દ.ઓ. અંગ્રેજી માધ્યમની જૈન સ્કુલ મુંબઈમાં હોવી જરૂરી છે. જો આપણા જ્ઞાતિજનો ગદગ, ખામગામ, ધુલીયામાં સ્કુલો સારી રીતે ચલાવી શકતા હોય તો મુંબઈમાં કેમ નહીં !

૨) આપણા યુવક/યુવતીઓનું પરનાતમાં લગ્ન કરવાનું વલણ :

આપણા વિદ્યાર્થી સંઘમાં થોડા સ્નાતક યુવક/યુવતીઓ મળે છે અને પરીચય કેળવી લગ્ન કરે છે. પરંતુ C.A., M.BA, LLB, BE, M.B.B.S. ઉચ્ચ ભણેલા, સંઘમાં જોડાતા નથી. C.A. સંઘ સ્થાપેલ છે પણ તે વર્ષમાં એકાદ વાર મળે છે જે પરિચય માટે આ પુરતું છે.

જરૂર છે મુંબઈમાં તેમજ અન્યત્ર મોટી સંખ્યામાં વસતી ધરાવતા શહેરોમાં આપણી પોતાની સ્પોર્ટસ ક્લબની જ્યાં આપણા ભણેલા યુવકો રોજ આવે અને એમની સ્વરૂચીની ઈનડોર રમતો - ચેસ, ટેબલ ટેનીસ, કેરમ, બૅડમીનટન વિગેરે રમી શકે અને એકબીજાનો પરિચય કેળવે. ક્રિકેટ, ફુટબૉલ, હૉકી જેવી ગ્રુપ રમતો. વ્યક્તિગત કુશળતા અને પરિચય કેળવવા અનુકુળ નથી.

૩) આપણા યુવક/યુવતીઓ જ્ઞાતિના ભવિષ્યના લીડર છે જે આપણા દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળા, આરોગ્યધામ, ભોજનશાળા, બોર્ડીંગ, સ્કુલો વિગેરે સંભાળશે, ચલાવશે અને વધારશે. તેમને બધી સંસ્થાઓના વહીવટમાં સામેલ કરી ટ્રેનીંગ આપવી જોઇઓ.

૪) અત્યારે મુંબઈ/મહારાષ્ટ્રમાં ગુજરાતી/કચ્છીઓ પરત્વે દ્વેષ ભાવના વકરી છે. તે કારણે નહીં તો પણ દરેક જગ્યાએ અસામાજીક તત્વો દ્વારા અવારનવાર હેરાનગતિઓ અન્ય રીતે લુંટફાટ જેવા અપરાધો થતા હોય છે તે દ્રષ્ટીએ પણ સ્વરક્ષા માટે યુવક-યુવતીઓ કરાટે/જુડો જેવી કળાઓ શીખવવા ક્લાસ ખોલવા જોઇઓ. IAS, IPS, IRS માં જોડાવા પ્રોત્સાહન આપવું જોઇઓ.

આશા રાખીએ કે આગામી સંમેલનમાં આ બધી બાબતો પર ચર્ચા કરી યોગ્ય નિર્ણયો લેવાશે.

- રતિલાલ વાલજી ખોના, માટુંગા

કડવું પણ મધ મીઠું

પ્રકાશ સમીક્ષાનું એક પાનું એટલે વડોદરાના પ્રવીણ લોડાયા. કડવા અને નર્યા સત્યને નાત સમક્ષ કલેજાની કાળી શાહીએ વાસ્તવિક વાતને કોઈની પણ શેહ-શરમ રાખ્યા વીના ચોટદાર રીતે લખી આંતરીક ચેતનાને ઢંઢોળવાની, તેઓશ્રીના લેખોને વાંચી પ્રકાશ-સમીક્ષાના વફાદાર તંત્રીશ્રી સનત્ ભાઈ શાહની યાદ તાજી થાય જ.

''સ્વામી વાત્સલ્ય'' લેખમાં આ.ભ. પ્રેમસૂરીશ્વરજી મ.સા. ''સૈફી હોસ્પિટલ''માં કાળધર્મ પામ્યા, લેખમાં વહોરા જ્ઞાતિના અન્ય સમાજોને પ્રેરણા થાય તેવા દ્દષ્ટાંતે વાકેફ કર્યા છે. જિનાલયો પાછળ અબજો રૂા. ખરચનો સંપન્ન અને સમૃધ્ધ જૈન સમાજ સૈફી હૉસ્પિટલ જેવી હૉસ્પિટલ ન બનાવી શકે. સમયની માંગ છે. સમૃધ્ધ જૈન સમાજને ''વીર-બાણે વીંધ્યા છે.

''અંધશ્રધ્ધા અને આપણે'' એ લેખમાં પણ પ્રવીણભાઈએ સંખ્યાબંધ દ્દષ્ટાંતોએ સુધારક નાતને વેધક પ્રશ્નોએ જાતને ઢંઢોળવા જાગૃત કર્યા છે. એ પણ સત્ય છે કે હર ગોત્રની વાર્ષિક પહેડીએ અંગમાં આવેલ ભૂવા કે ભોઈમા ને પૂછાતા પ્રશ્નો અંધશ્રધ્ધા માટે ઘણું કહી જાય છે !

મા પ્રત્યેની અડીખમ અને સાચી શ્રધ્ધા એજ ''જુહાર ઓકરેયા'' (પાર થયા પાર થયા). પ્રવીણભાઈ, આપની તેજાબી કલમ ચિનગારી થઈ અણુશક્તિ બને એવી મા સરસ્વતીને પ્રાર્થના. **- લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

Anant Pathology Lab

Managed by : SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM)]
5, Ground Floor, Ladhani House, Valji Ladha Road,
Opp. Hira Mongi Hospital, Mulund (West), Mumbai - 400 080.
Mob.: 8879990987 Email : anantpathlab@gmail.com

LAB TEST REPORT "RATE CHART"

HAEMATOLOGY		PROTIEN	70	RA FACTOR {Turbi}	250
CBC MP	130	ALKALINE PHOSPHATE	70	ASO TITRE {Turbi}	250
CBC	80	AMYLASE	250	VDRL	100
MP	50	LYPASE	250	WIDAL	70
ESR	30	BICARBONATE	350	MALARIA ANTIGEN	250
CBC ESR	100	MAGNESIUM	350	TT	50
G6PD	200	**PROFILE TEST**		**SPECIAL TEST**	
BT CT	60	RENAL PROFILE	450	T3 T4 TSH	350
ABSOLUTE EOSINOPHIL COUNT	100	LIVER PROFILE	350	VIT D3	850
BLOOD GROUP	50	LIPID PROFILE	250	VIT B12	650
MICROFILARIA	100	ANTI NATAL CARE (ANC)	500	BETA HCG	400
PROTHROMBIN TIME	150	ELECTROLYTES	200	IGE	850
RETICULOCYTE COUNT	120	**CARDIAC MARKERS**		Ft3 FT4 TSH	450
PTT(SODIUM CITRATE)	200	CPK	300	PSA	600
BIOCHEMISTRY		LDH	350	FSH	275
BLOOD SUGAR	60	CPK MB	300	PROLACTIN	275
BLOOD SUGAR (ONE SAMPLE)	30	**CLINICAL PATHOLOGY**		ESTRADIOL (E2)	600
GTT	150	URINE ROUTINE	40	CORTISOL	600
UREA	70	STOOL ROUTINE	40	AMMONIA	900
BUN	70	STOOL HANGING DROP	100	**SUPER SPECIAL TEST**	
CREAT	70	SEMEN ANALYSIS	150	STOOL CULTURE	400
CALCIUM	70	BENCE JONCE PROTIENS	300	PUS CULTURE	700
SODIUM	150	24HRS URINARY PROTIEN	350	BLOOD CULTURE	1000
POTASSIUM	150	URINE PREGNANCY TEST	70	URINE CULTURE	400
CHLORIDE	150	**SEROLOGY TEST**		CYTOLOGY FLUID	500
URIC ACID	70	HIV	200	FNAC	1000
PHOSPHORUS	100	HBsAG	150	FUNGAL SMEAR	200
CHOLESTROL	70	HCV	250	CORNEAL	300
TRIGLYCERIDES	70	DENGUE NS1	500	PLEURAL FLUID	650
HDL CHOLESTROL	70	DENGUE IGG IGM	800	ASCITIC FLUID	650
SGOT	70	DENGUE NS1+IGG IGM	1000	BODY FLUID (CSF)	650
SGPT	70	LEPTOSPIRA IGM	500	PAP SMEAR	600
BILIRUBIN	70	CRP {Turbi}	250	ADA	500

લિ. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી ટ્રસ્ટીગણ

જૈન અધ્યાત્મવાદ

પ્રારંભથી જ, પણ વિશેષે ઇ.સ. પૂર્વે ૬૦૦માં ભગવાન મહાવીરે જૈનધર્મનું પુનરૂત્થાન કર્યા પછી તો નિશ્ચિતપણે, જૈન ધર્મ સર્વ-સમાવિષ્ટ અધ્યાત્મવાદની જ હિમાયત કરી છે. મનુષ્યની સુષુપ્ત શક્તિનો વિકાસ એ હંમેશાં તેમનો મુખ્ય વિષય રહ્યો છે; પરંતુ તમામ જીવંત રૂપોના શ્રેય (કલ્યાણ) અને પ્રેય (સુખ)નો વિચાર પણ તેમને માટે એટલો જ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. અન્ય ધર્મોની જેમ જૈન ધર્મના નિતિનિયમોનું (સમ્યક્ચારિત્રનું) તેમણે વર્તનના કાયદામાં પરિવર્તન થવા દીધું નથી. પરિણામે જૈનોને તે નિતિનિયમોના અમલ માટે કોઈ દબાણકારક તંત્ર સ્થાપવાની જરૂર પડી નથી. ભગવાન મહાવીરના એ નિતિનિયમો આજે પણ જૈન અધ્યાત્મવાદની પરિભાષા ધારણ કરે છે. જૈન ધર્મ નૈતિક મૂલ્યોનો ઉપદેશ જરૂર આપે છે પણ તેના પાલન માટે વ્યક્તિને તેની મરજી મુજબ નિર્ણય લેવાની સ્વતંત્રતા પણ આપે છે. અન્ય ધર્મોમાં નિતિનિયમોના પાલન માટે ભય (શાપ આપવો, ધર્મવિમુખ કે ન્યાત બહાર કરવા) અને ઠપકાના બળપ્રયોગ પણ કરવામાં આવે છે તેવા કોઈ દબાણની જરૂર જૈનોને પડતી નથી. કોઈ પણ પ્રકારના બાહ્ય દબાણ વિના વ્રત ધારણ કરવા અને વ્રતનિયમોનું પાલન કરવું એ છે જૈન અધ્યાત્મવાદ. મુક્તિ અને સચ્ચિદાનંદ પ્રાપ્ત કરવા માટે માનવ જીવને પ્રોત્સાહન આપવું એ છે જૈન અધ્યાત્મવાદ, અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ - આચારસંહિતાના આ ત્રણ કેન્દ્રવર્તી સિદ્ધાંતોની સ્વયં સમીક્ષા કરવી અને ત્યાર પછી જ પોતાના મુક્ત સંકલ્પ અને અંતરાત્માને અનુસરી તેનું પાલન કરવું એ છે જૈન અધ્યાત્મવાદ.

વ્યવહારની ભાષામાં કહીએ તો વ્યક્તિઓ વચ્ચેના સંબંધોની યોગ્યતાનો નિર્ણય કરવા માટે અને અંતિમ વિકલ્પોનો સમન્વય કરવા માટે આ ત્રણ સિદ્ધાંતો સર્વોપરી માપદંડ છે. આ ત્રણ સિદ્ધાંતોએ ભગવાન મહાવીરની વિશ્વવ્યાપી શાંતિ ચળવળને આકાર આપ્યો. એ માપદંડોનું પાલન કરવાની જબાબદારી સંપૂર્ણપણે વ્યક્તિના અંતરાત્મા પર છોડવામાં આવી છે. વાસ્તવિક વિશ્વનું અનુભવસિદ્ધ દર્શન, બૌદ્ધિક કાર્યકારણ પર આધારિત કર્મનો સિદ્ધાંત, જીવ પર આધારિત અધ્યાત્મવાદ, સર્વ જીવો પર સમભાવ અને આદર દર્શાવતા નિતિનિયમો અને આપણા પર્યાવરણનું જતન કરતી જીવનશૈલી આ તમામનો સુંદર સમન્વય કરીને જૈન અધ્યાત્મવાદ ભિન્ન દૃષ્ટિકોણનો આદર કરે છે અને વ્યક્તિગત તેમ જ વૈશ્વિક શાંતિને ઉત્તેજન આપે છે. આ દૃષ્ટિએ જૈન તત્ત્વજ્ઞાનનો ૮૫૦૦* વર્ષ પ્રાચીન વિચાર આધુનિક માનસની તમામ આધ્યાત્મિક જરૂરિયાતને સંતોષે છે. (* મહાવીર ભગવાન પૂર્વેનો જૈન ધર્મ)

સામાન્યતઃ અહિંસા શબ્દ હિંસા કે હત્યા કરવી નહિ એ અર્થ સૂચવે છે. પણ જૈનપરંપરામાં અહિંસા શબ્દનો અર્થ અનંતગણો વધારે બૌદ્ધિક અને અદ્યતન છે. અહિંસા શબ્દ આત્માની પવિત્રતા અને જીવના મોક્ષ સાથે સંકળાયેલો છે. તેથી એ અર્થમાં એ આધ્યાત્મિક છે. તમામ જીવંત વસ્તુઓને જીવ છે. સર્વ જીવો મોક્ષ માટે સુષુપ્ત સામર્થ્ય ધરાવે છે તેથી તે સમાન અને પવિત્ર છે કોઈની હાનિ કે હિંસા કરવી એટલે કેવળ તેના જીવની જ નહિ પણ આધ્યાત્મિક દૃષ્ટિએ હિંસા કરનારના પોતાના જીવની પણ હાનિ કરી કહેવાય. તેનું એક કારણ એ છે કે હિંસા દ્વારા આપણે જીવની આધ્યાત્મિક પવિત્રતાની હિંસા કરીએ છીએ. અને એ રીતે આપણે આવાં કૃત્ય દ્વારા આપણા પોતાના જ જીવના મોક્ષની તકને જતી કરીએ છીએ. આ તર્કનો ઉપયોગ કરી તીર્થંકરોએ અહિંસાનો ઉપદેશ આપ્યો કે દરેક વ્યક્તિએ કેવળ શારીરિક હિંસાના કૃત્યથી જ નહિ પણ કોઈના વિશે બૂરું બોલવું કે તેનું બૂરું ઈચ્છવું - અર્થાત્ માનસિક અને વાચિક હિંસાથી પણ દૂર રહેવું. આ રીતે અહિંસા પર લક્ષ્ય એટલે હકીકતમાં જીવ પર લક્ષ્ય છે. તેથી જૈનોનો અહિંસાનો વિચાર કેવળ નૈતિક નહિ પરંતુ આધ્યાત્મિક પણ છે. આધુનિક દૃષ્ટિએ જૈન અધ્યાત્મવાદની પરિભાષામાં કેવળ માનવ અધિકારોનો જ નહિ પણ વનસ્પતિ, પ્રાણી અને તમામ જીવંત વસ્તુઓના અધિકારનો પણ સમાવેશ થયો છે. સાથે સાથે આપણું વિશ્વ અને તેનું પર્યાવરણ - એ બંનેની ઊંડી કાળજી લેવાની પણ જૈન અધ્યાત્મવાદ ભલામણ કરે છે.

આજે શાંતિપૂર્ણ આંતર્ધર્મ પરિસંવાદનું મહત્ત્વ વધતું જાય છે, કારણ કે 'અન્ય વ્યક્તિને પણ તેની આધ્યાત્મિક માન્યતા વ્યક્ત કરવાનો અધિકાર છે' એ વાત સર્વધર્મ સમભાવ ચળવળ સ્વીકારે છે. આંતર્ધર્મ પરિસંવાદ અને ચર્ચા માટે જૈનોનો અનેકાંતવાદ અસરકારક સાધન છે.

બે ભિન્ન વિચારસરણી વચ્ચે શાંતિ અને સંવાદિતાને પ્રોત્સાહન આપવામાં અનેકાંતવાદનો જૈનોએ સદીઓથી સુંદર વિનિયોગ કર્યો છે. અનેકાંતવાદને કેટલાક ભાષ્યકારો અતિસહિષ્ણુ બૌદ્ધિક દૃષ્ટિકોણ ગણાવે છે. આવું જ બીજું એક જૈન સાધન છે સ્યાદ્વાદ (મર્યાદાસૂચક વિધાનનો સિદ્ધાંત), સ્યાદ્વાદને અતિસહિષ્ણુ વ્યવહારૂ દૃષ્ટિકોણ પણ કહી શકાય. આંતરધર્મ પરિસંવાદમાં જૈનો તેનો ઉપયોગ કરી લોકોને જાણ કરે કે તેઓ પ્રતિદ્વન્દ્વિની ભિન્ન વિચારસરણીને સમજ્યા છે, તેની સમીક્ષા કરી છે અને 'પ્રતિદ્વંદ્વિના અમુક દૃષ્ટિકોણ તેમના સંદર્ભે' સત્ય છે એ વાતને અમે સ્વીકારીએ છીએ. પ્રતિદ્વંદ્વિના વિચારોનું આવું બિનવિવાદાસ્પદ, મર્યાદાસૂચક વિધાન નિરર્થક વિવાદોને ટાળે છે અને પરિસંવાદને આગળ ધપાવવા પ્રોત્સાહન આપે છે. જૈનોના અન્ય અનેક સિદ્ધાંતોની જેમ અહિંસા, અનેકાંતવાદ અને સ્યાદવાદ પણ અભિનવ અધ્યાત્મવાદની વિવેચનાત્મક માગણીને સંતોષે છે.

અધ્યાત્મવાદના આધુનિક વિચારનો વિકાસ સતત થતો રહેશે. પ્રાચીન ધર્મસત્તાના માળખામાંથી માનવ-અધિકારોને બહાર આવતાં આશરે ચારસો જેટલાં વર્ષ લાગી ગયાં. હવે આપણે નવી શતાબ્દીમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે કેવળ માનવ-અધિકારોનો જ નહિ પણ પ્રાણી તથા વનસ્પતિના અધિકારો અને અન્ય પરિમાણોનો સમાવેશ કરે એવી અધ્યાત્મવાદની વ્યાપક પરિભાષા ઘડવા માટે આંતરધર્મ પરિસંવાદો મદદરૂપ થશે. આધુનિક અધ્યાત્મવાદના વિકાસશીલ વિચારના આવકારદાયક સંકેતો છે ઝડપથી વિકસતા પ્રાણીઓના અધિકારો, પર્યાવરણ અને શાંતિ વગેરે સમસ્યાને સ્પર્શતી વૈશ્વિક ચળવળો !

અભિનવ અધ્યાત્મવાદ અને સમકાલીન જૈનો :

અહિંસા, અનેકાંતવાદ, સ્યાદવાદ જેવા સિદ્ધાંતો માટે જૈનોને ગૌરવ હોય તે વાજબી છે. જૈનો એક હકીકતનો તો તત્કાળ નિર્દેશ કરી શકે કે અભિનવ અધ્યાત્મવાદીઓ જૈન અધ્યાત્મવાદના આ પાયારૂપ સિદ્ધાંતોને વાજબી ઠરાવે છે. અન્ય ધર્મો બૂમરાણ કરે છે કે પરંપરાગત અધ્યાત્મવાદ લુપ્ત થતો જાય છે. આધુનિક ચિંતકોની માગ પ્રત્યે પોતાની પ્રતિક્રિયા આપવા તેઓ સતત મથી રહ્યા છે, જ્યારે જૈન બૌદ્ધિકો તેમના સમૃદ્ધ તાત્ત્વિક વારસામાં સંતોષ મેળવી શકે છે. જૈનો પૂરા આત્મસંતોષ સાથે દાવો કરી શકે કે દરેક જીવજંતુ અને વનસ્પતિ જીવનની રક્ષા માટે, પર્યાવરણ માટે, સામાજિક ન્યાય માટે અને સુખશાંતિ માટે અમારું તત્ત્વજ્ઞાન અડીખમ ઊભું છે. જો કે, ધર્મનું તત્ત્વજ્ઞાન ગમે તેટલું સુંદર હોય પણ માનવજાતિના શ્રેય માટે ધર્માનુયાયીઓ એ તત્ત્વજ્ઞાનનો કેવો અને કેટલો ઉપયોગ કરે છે તેનું મૂલ્યાંકન કરીએ ત્યારે જ તે તત્ત્વજ્ઞાનની પ્રભાવકતાનો નિર્ણય આપણે કરી શકીએ. સમકાલીન જૈનો અધ્યાત્મવાદની બદલતી અપેક્ષાઓ પ્રત્યે પોતાની કેવી પ્રતિક્રિયા આપે છે અને માનવજાતિના કલ્યાણ માટે જૈન તત્ત્વજ્ઞાનને વ્યવહારમાં કેટલું ઉતારે છે તે વિશેષ મહત્ત્વનું છે.

કેટલાક સમકાલીન જૈનો, શ્રાવક તેમજ સાધુઓ, કર્મસિદ્ધાંત અને સાધુના નિયમોનું અર્થઘટન ''સામાજિક ન્યાયના મુદ્દે પોતાની ઉદાસીનતાનું સમર્થન કરવા માટે'' કરે છે. તેમની દલીલ છે કે જૈનધર્મ મુખ્યત્ત્વે ત્યાગનો ધર્મ છે; સંસાર અને જગતનો ત્યાગ કરવા પર તેઓ ભાર મૂકે છે. તેથી યુદ્ધો, ગરીબી, માનવ-અધિકારો, પર્યાવરણનું અવમૂલ્યન વગેરે જગતને સ્પર્શતા પ્રશ્નોની ચિંતા તેમણે છોડી દેવી જોઇએ. તેઓ માને છે કે સમાજસેવા, માનવબંધુઓનું ભૌતિક શ્રેય વગેરે બાબતોની પળોજણમાં પડવાથી જગતની વસ્તુઓ માટે આસક્તિ વધતી જવાની અને આસક્તિ એ જ તો કાર્મિક બંધનનું મુખ્ય કારણ છે. તેથી આવી સમસ્યાઓ પ્રત્યે ઉદાસીનતા કે નિસ્પૃહભાવ રાખવો એજ ઠીક છે. પંરતુ આ પ્રકારના વિચિત્ર તર્ક અને લાગણીશૂન્યતાનું સમર્થન કરવું એ તો જૈન સિદ્ધાંતોનું સગવડિયું સમર્થન કહેવાય. તેમજ જેમના ઉપદેશને તેઓ અનુસરી રહ્યા છે એ તીર્થંકરોનું અપમાન કર્યા બરાબર ગણાય ! તીર્થંકરોએ સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા પછી સંસારમાંથી પ્રસ્થાન કરવાને બદલે પોતાનો આધ્યાત્મિક સંદેશ અને મોક્ષના માર્ગનો ઉપદેશ લોકોને આપવાનું વિશેષ પસંદ કર્યું. આમ, તેમણે કેવળ જનહિતાર્થે જ નહિ પણ સર્વ જીવો પ્રત્યે પ્રેમ અને કરૂણાનો સંદેશ આપવામાં શેષ જીવન વીતાવ્યું. તદ્દુપરાંત, જૈનોનો કર્મસિદ્ધાંત પણ પુણ્યકર્મ અને પાપકર્મના વિચારને સ્વીકારી અંતે તો સામાજિક ન્યાયને જ અનુમોદન આપે છે. તેથી હું આશા રાખું છું કે સામાજિક ન્યાય પ્રત્યે આપણી લાગણી અથવા ઉદાસીનતાનો સમકાલીન જૈનો અભ્યાસપૂર્વક વિચાર કરે !

દેરાસરોમાં હાજરી ઘટતી જવી એ જૈનો માટે પણ બહુ મોટી સમસ્યા છે; પરંતુ એ વિશે ફરિયાદ કરનાર જૈનો સ્વયં અંતર્દષ્ટિ કરે અને પોતાને જ સવાલ કરે કે તેઓ, તેમનો સમાજ, તેમના સાધુઓ અને તેમનાં દેરાસરોનો અભિનવ અધ્યાત્મવાદ સાથે કોઈ તાલમેલ બેસે છે ખરો ? માનવમનને કેન્દ્રસ્થાને રાખતું જૈનોનું તત્ત્વજ્ઞાન સુંદર છે. વાસ્તવમાં સમગ્ર જૈન જીવનશૈલી આત્મસંયમ દ્વારા મનને કેળવવા માટે જ ઘડાઈ છે. જૈનોના અનેકાંતવાદ અને અહિંસાના સિદ્ધાંતો વિવાદોના સમાધાન માટે ઉપયોગી ઉપકરણો છે. જૈન ધર્મ બૌદ્ધિક ચિંતનને પ્રોત્સાહન આપે છે અને અંધશ્રદ્ધાને નકારે છે. અભિનવ અધ્યાત્મવાદ પણ માનવીના મનોતંત્રમાં પંરપરાગતથી અપરંપરાગત અને ભૌતિકવાદથી અભૌતિકવાદમાં પરિવર્તન લાવવા માટે આત્મસંયમની અપેક્ષા રાખે છે. જૈનોનું તર્કબદ્ધ કાર્યકારણનું તત્ત્વજ્ઞાન સાંપ્રત વિચારો સાથે બરાબર બંધબેસતું આવે છે. સંઘર્ષ નહિ પર સહકાર - એ છે જૈન પરંપરાનો મુખ્ય અંશ !

આવી સુંદર જૈન પરંપરા સમકાલીન બૌદ્ધિક મનોતંત્રને પ્રેરણા ન આપી શકે ? અભિનવ અધ્યાત્મવાદની આગલી હરોળમાં રહેવા માટે જૈનો પાસે સમૃદ્ધ વારસો અને જવાબદારી છે. સામાજિક પરિવર્તન માટે અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહરૂપી અદ્દભુત તાકાત જૈનો પાસે છે. પણ એ હકીકતથી સમકાલીન જૈનો વાકેફ છે ખરાં ? આ મુદ્દાઓ પર જૈનો આપસમાં ચર્ચા કરે તો બે ફાયદા થશે. એક તો તેમનામાં રહેલી કોઠાસૂઝ પ્રત્યે તે આધુનિક વિજ્ઞાન-જગતનું ધ્યાન દોરી શકશે. અને બીજું, જૈન ધર્મની ખોવાયેલી અસ્મિતાને ફરી પ્રાપ્ત કરવામાં જૈન સમાજને તેઓ સહાયભૂત થઈ શકશે. સામાજિક સમસ્યાઓને જૈનો કેવી રીતે હાથ ધરે, અને અભિનવ અધ્યાત્મવાદ સાથે સંકળાયેલી સમસ્યાઓના નિરાકરણ માટે પોતાનું પ્રદાન આપવામાં કેટલા પ્રભાવશાળી થઈ શકે એ આપણે વિચારી શું ?

સખીવૃંદ પુણે

વિશ્વમાં તેમજ ભારત દેશમાં કલાઓનો ખજાનો છે. એમાંથી એક કલા મોઝેક આર્ટ પર લક્ષ્ય કેન્દ્રિત કરી આ વર્ષની પ્રોફેશનલ મિટિંગનું આયોજન ૧૫ જુલાઈના સખીવૃંદે કર્યું. મોઝેક એ રોમની કલા છે જે રંગીન કાચ, ટાઈલ્સ, પથ્થર અથવા અન્ય સામગ્રીઓના નાના નાના ટુકડાઓના સંમેલનથી બને છે. આ કલા ખુબજ આકર્ષિત છે. નિષ્ણાંત સુનિતા ચાંગડકરને આમંત્રિત કર્યાં જે છેલા ૧૫ વર્ષો થી પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ માં 'સુપર ટીચર' તરીકે કાર્યરત છે તેમજ વિવિધ આર્ટના ક્લાસ ચલાવે છે.

સખીવૃંદની કલાપ્રેમી બહેનોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. સભ્યોએ લાકડાની ટ્રે પર આ કલાકસબનો નમૂનો ઉતારેલ, ડિઝાઈન કેવી રીતે છાપવી, ટાઈલ્સ ના ટુકડા કર્યા પછી ડિઝાઈનમાં કેવી રીતે ગોઠવવું, ગ્રાઉંટ (સિમેન્ટ) ભરવું, અને છેલ્લે વોટરપ્રૂફ કરવા રેઝિન નો ઉપયોગ કેવી રીતે કરવું તેનું પૂર્ણ માર્ગદર્શન સુનિતાબેન ખુબજ કુનેહ પૂર્વક આપ્યું. સાથે વિવિધ પ્રકારના મોઝેક આર્ટની પદ્ધતિનું પ્રત્યક્ષીકરણ કર્યું જેમાં...

૧. ફેબ્રિક મોઝેક આર્ટ, અરીસા ની એક અથવા ચારબાજુ કરી શકાય. ૨. સ્ટૈન ગ્લાસ મોઝેક, પ્લાયવુડ પર જે હોટ પ્લેટ તરીકે વાપરી શકાય. ૩. Clay (શિલ્પકાર) મોઝેક આર્ટ, ટાઈલ્સ પર જે ગાર્ડન ટાઈલ્સ તરીકે વાપરી શકાય. ૪. મોઝેક પેન્ટિંગ તકનીક, એક્રિલિક શીટ પર જેનો વોલ ક્લોક તેમજ અન્ય શો પીસ બની શકે.

સુનીતાબેને સીમિત સમયમાં સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપેલ જેના કારણે સહભાગીઓ થી સરાહના મેળવેલ. આ વર્કશોપ માટે જરૂરી મોઝેક ટાઈલ્સ શ્રી સંજયભાઈ નવીનભાઈ ધરમશી તરફથી મંડળ ને અપાયેલ, આ મિટિંગના માધ્યમથી લુપ્ત થતી આ કલા ને ફરી જાગૃત કરવાનો પ્રયત્ન સખીવૃંદે કર્યો.

સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા અન્યથા જાહેરાત આપવી : વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી તેમ છતાં જાહેરાતના માધ્યમ દ્વારા આવી વિગતવાર માહિતી આપી શકાશે.

॥ જય શ્રી આશાપુરા માં ॥

આમંત્રણ - આમંત્રણ - આમંત્રણ

શ્રી ક.દ.ઓ. ગોસર નુખના કુળદેવી **શ્રી આશાપુરા માં** ની અસીમ કૃપાદષ્ટિ અને શુભ આશિષની વાત્સલ્ય વર્ષા કરીને, સૌને પ્રેમ અને એકતાના એકસુત્રે પરોવી રાખનારા આપણાં ભોઈમાં **અ.સૌ. કલ્પનાબેન કિરીટભાઈ ગોસરે** માતાજીના આ સેવાકાર્યના ૨૫માં વર્ષમા પદાર્પણ કર્યું છે અને ભોઈમાંની ગંધી બદલવાના અતિપાવન અને મંત્રમુગ્ધ કરનારા પ્રસંગે સકલ ગોસર પરિવારોને નિયાણી બહેનો સાથે ભદ્રેશ્વર ગામે પધારવા હૃદયપૂર્વક ભાવભર્યું ને પ્રેમાગ્રહ સાથે સ્નેહભર્યું આમંત્રણ છે. તો સર્વે ભાવિકો સહપરિવાર અને નિયાણી બહેનો સાથે માં ના આશીર્વાદ તથા દર્શન વંદન અને ભક્તિમાં તરબોળ થવા માટે સમયસર પધારશોજી. ભાવિકોએ તા. ૨૬-૦૯-૨૦૧૭ સુધી ભદ્રેશ્વર આવી જવાનું રહેશે.

મહોત્સવની રૂપરેખા

તા. ૨૬-૦૯-૨૦૧૭ - છઠ : સાંસ્કૃતિક કાર્યક્રમ, નિયાણી બહેનોનું સન્માન.

તા. ૨૭-૦૯-૨૦૧૭ - સાતમ : માતાજીના નૈવેદ્યની તૈયારી

તા. ૨૮-૦૯-૨૦૧૭ - આઠમ : શુભ ચોઘડીએ માતાજીની ગંધી અને નૈવેદ જુહારશે.

તા. ૨૯-૦૯-૨૦૧૭ - નોમ : બારોઈ ગામે શ્રી પુડસા દાદાની સમૂહ પહેડી અને ગોએરસમા ગામે શ્રી જખ દાદાના દર્શન વંદન પછી શ્રી સગત માતાની સમૂહ પહેડી ત્યારબાદ તીર્થ દર્શન તરફ પ્રયાણ.

મહોત્સવ દરમ્યાન ભાવિકોની આવાસ અને ભોજનની વ્યવસ્થા સંઘ તર્ફે રાખવામાં આવેલ છે. દરેક ભાવિકોને વિનંતી કે મહોત્સવમાં આવનાર વ્યક્તિની વિગત અને પોતાના જુહારની યાદી તા. ૧૦-૦૯-૨૦૧૭ સુધી શ્રી હિતેન્દ્ર ભાવનજી ગોસર ને લેખિત/મેસેજ/ઈ-મેલ મારફતે જ મોકલવાની રહેશે જેથી કરીને આગળની વ્યવસ્થા કરવામાં સાનુકૂળતા રહે.

નિમંત્રક :

શ્રી આશાપુરામાં નવરાત્રિ મહોત્સવ સંઘ સમિતિ

સંપર્ક સેતુ : શ્રી હિતેન્દ્રભાઈ ભાવનજીભાઈ ગોસર

1B Snehadeep Building, 5th Floor, Room No. 503,
Devratna Nagar, Behind Chunabhatti Police Station,
Swan Mill Road, Chunabhatti (E), Mumbai - 400 022.
Mobile : 9324106060 / 8097940094
E-mail : prashantgosar@gmail.com

ખાસ નોંધ : ૧) ભાઈઓને વિનંતી કે મહોત્સવમાં આવનાર નિયાણી બહેનોની વિગત અલગથી લખવાની રહેશે. ૨) બધાએ પાછા આવવાની ટિકિટ ભુજથી તા. ૨૯-૦૯-૨૦૧૭ની જ કઢાવવાની રહેશે. ૩) મહોત્સવ દરમ્યાન કોઈએ પણ કાળા કપડાં પહેરવા નહીં જેની બધાએ ખાસ નોંધ લેવી. ૪) મહોત્સવના કોઈપણ કાર્યક્રમમાં ફેરબદલ કરવાનો હક્ક સંઘ સમિતિ/ભોઈમાં પાસે રહેશે.

કેડીથી રાજમાર્ગની સફર

- ગિરીશ ગણાત્રા

દિવાળી પહેલાંના એક રજાને દિવસે અમે સવારની ચા પીને ઘરની સાફસૂફીમાં લાગી ગયા. આપણી એક લોકોક્તિ પ્રમાણે જેને 'કાળ કાઢવો' એવી આ ક્રિયા હતી. બધું જૂનું, નકામું બદલી નાખવાનું અને નવા વર્ષ નિમિત્તે ઘરને નવેસરથી શણગારવું.

હજુ હમણાં જ અમારા લગ્ન થયાં હતાં. મારી પત્ની ઘરની એકએક વસ્તુથી પરિચિત નહોતી બની એટલે મમ્મીએ એને સાથે રાખીને રસોડાને નવો ઓપ આપવાનું શરૂ કર્યું. રસોડાના કપબોર્ડના ડબ્બાઓ નીચે ઉતારી, અંદરથી બધું સાફ કરી કાગળો પાથરવાનું શરૂ કર્યું. પપ્પાએ પસ્તી, ભંગાર, નકામા વાયરના કટકાઓ, ઘરની નાનકડી લાયબ્રેરીની પુનઃ ગોઠવણી અને પરચુરણ કાર્યભાર સંભાળી લીધો. મેં અને મારા નાનાભાઈએ બારી-બારણા સાફ કરવાથી માંડી ઘરની સફાઈ શરૂ કરી અને આઠેક વર્ષની મારી નાની બહેન સૌનો હાથવાડકો બની રહી.

પૂરા ત્રણ-સાડા ત્રણ કલાકની મહેનત બાદ ઘરે નવાં રૂપ-રંગ ધારણ કર્યાં. સૌ સારી રીતે થાકી ગયાં હતાં. અમે થાક ઉતારવા લીંબુ-શરબત પીધું. બરાબર એ જ વખતે મમ્મીએ એલાન કર્યું : 'હું તો એટલી બધી થાકી ગઈ છું કે રસોઈ બનાવવાના પણ હોશકોશ રહ્યાં નથી. આજે આપણે સૌ બહાર જમી લઈશું.' મમ્મીના પ્રસ્તાવને સૌએ વધાવી લીધો. હવે પ્રશ્ન એ ચર્ચાયો કે બહાર જમવા જવું તો કઈ હોટલ-રેસ્ટોરાંમાં જમવું. અડધા કલાકની ચર્ચા પછી સૌએ એક હોટેલ પર પસંદગી ઉતારી. સ્નાનાદિ પરવારી અમે જમવા બહાર નીકળી પડ્યા. પપ્પાને, મને અને પત્નીને ઑફિસમાં રજા હોવાથી જમીને બપોરના થોડા ટી.વી. કાર્યક્રમો જોઈ અમે મજાની એક ઊંઘ ખેંચી લેવાનું પણ નક્કી કરી લીધું.

અમારી મનગમતી હોટેલમાં જઈ અમારી પસંદગીની વાનગીઓ અમે ઓર્ડર આપ્યો. સૌ આનંદથી જમ્યાં. ભોજન બાદ આઈસ્ક્રીમ, કસ્ટર્ડ, જેલી જેવી વાનગી આરોગી અમે મુખવાસ આરોગતા હતા ત્યાં વેઈટર બિલ લઈને આવ્યો અને ટેબલની વચ્ચોવચ્ચ એક પ્લેટમાં બિલ ધરી ચાલ્યો ગયો. આજ સુધી જ્યારે જ્યારે અમે બહાર હોટેલ-રેસ્ટોરાંમાં જમવા જતા ત્યારે બિલની રકમ ચૂકવવા પપ્પા જ ગજવામાંથી મનીપર્સ કાઢતા પણ આજે એવી કોઈ ક્રિયા તેઓએ કરી નહિ અને ફરીથી મુખવાસ આરોગી ટૂથપીકથી દાંત ખોતરવાનું શરૂ કર્યું. આખરે મેં બિલ ઊંચક્યું. ખાસ્સી, મોટી એવી રકમનું બિલ હતું. પરણતાં પહેલાં હું નોકરીએ લાગી ગયો હોવાથી અને મારી પત્ની પણ નોકરી કરી ખાસ્સો પગાર લાવતી હોવાથી મેં પર્સ કાઢ્યું. બિલની ખૂટતી રકમ પત્નીની પર્સમાંથી કઢાવી બિલ ચૂકવ્યું અને મને પહેલી વખત અહેસાસ થયો કે હું મોટો થઈ ગયો છું! હું હવે એક પરિણીત પુરૂષ છું, કમાઉં છું અને મારે પણ ઘરખર્ચની થોડી જવાબદારી ઊઠાવવી જોઈએ. ભલે મમ્મી-પપ્પાની દ્રષ્ટિમાં હું બાળક હોઉં, પણ એવડો બાળક તો નથી જ કે મારી, અમારી જવાબદારીઓ હવે પપ્પા પર ખડકવાં દઉં. આજ સુધીમાં સો-બસ્સો હોટેલ બિલ પપ્પાએ ચૂકવ્યાં હશે, ખરીદી વખતે જ ગજવામાંથી પૈસા કાઢ્યા હશે અને મોટી ઉંમરે પણ પપ્પાએ જ બધી આર્થિક જવાબદારીઓ અદા કરી છે. હજુ એ રિટાયર્ડ થયા નહોતા પણ મારે એમને આર્થિક જવાબદારીઓમાંથી થોડા થોડા અંશે મુક્ત કરતા રહેતા જવું એ પેલું હોટલ-બિલ સૂચિતાર્થ હતું. મેં બિલ ચૂકવ્યું. મમ્મીએ વ્હાલપૂર્વક મારા વાંસામાં હાથ ફેરવ્યો. એની આંખોમાં મેં મારી ફરજ અદા કર્યાનો સંતોષ વર્તાતો હતો.

હા, હવે હું મોટો થઈ ગયો છું. નાનકડો બાળક રહ્યો નથી. ક્યરેક કોઈ સ્ટોરમાં નાનકડી ખરીદી કરતો હોઉં કે સિનેમા-નાટકની ટિકિટ લેતો હોઉં ત્યારે થડે બેઠેલા કેશીયર કે કાઉન્ટર પાછળ ટિકિટ ફાડતો ક્લાર્ક મને કહે છે : 'મિસ્ટર, ત્રણ રૂપિયા છુટા હશે?' હવે હું 'મિસ્ટર' બની ગયો છું. નાનકડા દુકાનદારો કે શાકભાજીના રેંકડીવાળા મને સાહેબનું સંબોધન કરતા થઈ ગયા છે.

પહેલી વખત મને કોઈએ જ્યારે માનાર્થે બોલાવ્યો ત્યારે મને ઘણું સારું લાગ્યું. મને ગમ્યું, મારો અહમ સંતોષાયો. પણ પછીથી મને આવાં સંબોધનો ગમતાં નહિ. 'વડીલ, જરા પગ ઊંચો લેશો?' એવી વિનંતી કરતો ટ્રેનનો સહમુસાફર, 'મુરબ્બી, જરા કહેશો કે ૧૧૭૩ નંબરનું ઘર કયાં આવ્યું?' સરનામું શોધતા કોઈ અજાણ્યાની પૂછપરછ કે પછી 'મિસ્ટર, જરા લાઈનમાં આવો' જેવો હુકમ કરતો બસની 'ક્યુ' નો પેસેન્જર હવે મને 'મોટો' ગણતા થઈ ગયા છે. કોલેજની ક્રિકેટ ટીમનો છોકરો ધીમે ધીમે યુવકમાં રૂપાંતર પામી સદ્દગૃહસ્થ

અહીં, તહીં, બધે બ્રહ્માંડમાં જે જાગે છે, હું એને જોઉં તો લાગે મને જ તાગે છે,
આ અંધકારમાં સઘળું દિસે છે સોનેરી, અને છતાં એ નયનમાં મશાલ દાગે છે.
અમારે પ્હોંચવું'તું ત્યાં જઈને આ બેઠા, ભલે ઘણુંય સિતારોથી ઔર આગે છે.

બનતો જતો હોય ત્યારે મને દુઃખ થાય છે કે જમાનો, લોકો મારી પાસેથી મારું શૈશવ ખૂંચવતા જાય છે. ગલીના નાકે ઊભેલા જે પોલીસથી હું ડરતો એની મને હવે બીક લાગતી નથી. હવે એ પણ ક્યારેક મને માનહર્થી બોલાવતો થઈ ગયો છે. બત્તી વિના વાહન ચલાવતા પોલીસે મને ઘણી વખત પકડ્યો છે, ઉદ્ધતાઈથી વાત કરી છે પણ હવે રોંગ-સાઈડમાં સ્કૂટર ચલાવતી વખતે પોલીસ મને ધમકાવતો નથી. એ મને થોડા કડક શબ્દોમાં માત્ર ચેતવણી આપતા કહે છે 'આવડા મોટા થઈને કાયદાનો ભંગ કરો છો ? મારે તમને શું કહેવું ?

ના, હવે હું કિશોર રહ્યો નથી. વડીલો પણ ધમકાવતાં પહેલાં ખૂબ વિચારી એમના કડક વાક્યોમાંથી ધમકીનો દંશ હળવો કરી દે છે. મારી કિશોરાવસ્થા મારામાંથી સરકી ગઈ છે. એક વખત સાંજે હું ઓફિસથી ઘેર આવ્યો ત્યારે મમ્મીએ મને કહ્યું : 'ભાઈ, કાલે સાંજે ઓફિસથી છૂટીને તું અને પારૂલ કનુકાકાના પુત્રના રીસેપ્શનમાં જઈ આવજો ને.'

'કેમ ? તમે નથી આવવાનાં ?'

'ના. તારા પપ્પાને ઓફિસને કામે કાલે બહારગામ જવાનું હોવાથી રાત્રે મોડા આવશે અને મારે અગિયારસ હોવાથી જમવાનું નથી. ઘૂંટણના સાંધામાં દુઃખાવો થાય છે એટલે રાત્રે બહાર જવાનું મન નથી થતું.'

'પણ તમે નહિ આવો તો કનુકાકાને કેવું લાગશે ?'

'ભાઈ, તું હવે મોટો ગણાય. આપણા ઘરના પ્રતિનિધિરૂપે તું અને પારુલ જઈ આવશો તો ચાલી જશે.' આવા કેટલાયે સામાજિક પ્રસંગે હવે હું પપ્પાનો પ્રતિનિધિ બની ગયો છું. સમાજમાં હવે હું ધીમે ધીમે પપ્પાનું સ્થાન લેતો થઈ ગયો છું. પપ્પા હવે નિવૃત્ત થઈ ગયા છે. હોસ્પિટલે કોઈની ખબર કાઢવા, બેસણા-ઉઠમણામાં ઉપસ્થિત રહેવા હવે હું પપ્પાને સ્થાને માન્ય ગણાયો છુ. ઘરનો હવે હું જવાબદાર પુરુષ ગણાયો છું.

એક દિવસ મારી ઓફિસમાંથી લોન લઈ મેં નવું ઘર બંધાવ્યું. ખાસ્સું મજાનું ટેનામેન્ટ હતું. ઉપર-નીચે મળીને ચાર બેડરૂમ, વિશાળ ડ્રોઈંગરૂમ, મોટું રસોડું, રસોડાને અડીને સળંગ ડાઈનિંગ હોલ, કીચન-ગાર્ડન, પોર્ચ, ટેનામેન્ટ ફરતે બગીચા. આ ઘરનો હું દસ્તાવેજ કરાવતો હતો ત્યારે વકીલ મારફત આવેલો કાચો દસ્તાવેજ મેં પપ્પા સામે ધર્યો. પપ્પાએ મારી પાસે પેન્સીલ માગી અને એમના નામ સામે લીટી મારી પપ્પાએ મારું નામ લખ્યું અને હસીને બોલ્યા, 'દીકરા, હવે તમે મોટા થયા. પ્રોપર્ટી ધરાવવાનો હક્ક હવે તમારો. તમે નાના નથી.'

અલબત્ત, ઓફિસમાંથી તો મને નાની લોન મળી હતી પણ પપ્પાએ એમની ગ્રેચ્યુઈટીની મોટી રકમ આ ટેનામેન્ટ બાંધવામાં ખર્ચી નાખી હતી છતાં યે એમણે મારા નામનો આ ટેનામેન્ટમાં માલિકી હક્ક રાખ્યો.

હવે તો હું બે સંતાનનો પિતા થયો છું. પપ્પાની જેમ ટી.વી. ના કાર્યક્રમો જોતાં જોતાં મને પણ ઝોકું ખાવાની ટેવ પડી ગઈ છે. સવારના ઊઠીને પહેલા તો હું દસ-બાર મિનિટમાં આખું છાપું પુરું કરી લેતો પણ હવે એકાદ કલાક સુધી હું એનાં પાનાઓમાં માથું પરોવીને બેસી રહું છું. શાક સમારવું, ધોવાયેલા કપડાં સૂકવી દેવા કે બજારમાં આંટાફેરા કરવા જેવાં નાનાં-નાનાં કામો હવે મને સોંપાતા નથી. હવે હું ગૃહસ્થાઈના પથ પર આવી ગયો છું. મારા મમ્મી-પપ્પા પણ હવે મને માનાર્થે બોલાવતા થઈ ગયાં છે જેથી મારાં સંતાનોમાં મારા પ્રત્યે આદર વધે. મારી પત્ની પણ સાસુ-સસરાની હાજરીમાં મને ધમકાવતી નથી. શૈશવનો ત્યાગ કર્યા પછી આ સંસારપથના એવા એક ચીલા પર હું આવી ગયો છું કે હવે હું ફરીથી નાનકડો કિશોર બની શકતો નથી. કદાચ ક્યારેક એવા ચાળા કરી બેસું તો મમ્મી કે પત્ની મારી સામે એક પણ શબ્દ બોલ્યા વિના માત્ર નજરથી જ ધમકાવી કાઢે છે - 'આ શું માંડ્યું છે ? તમે હવે નાના બાળક નથી !' ગૃહસ્થાઈનો મોભો મેળવવાનો મને આનંદ છે, લોકો મને માનાર્થે બોલાવે એનો અહંકાર છે કે પછી વધતી જતી પ્રતિષ્ઠાનો મને કેફ છે પણ મને દુઃખ છે કે શૈશવની કેડી છોડી હવે હું ગૃહસ્થાશ્રમના રાજમાર્ગ પર આવીને ઊભો છું. છતાં યે ક્યારેક મારામાં છુપાઈ રહેલું પેલું શિશુ જાગૃત થઈ જાય છે અને હું મમ્મીને કહી બેસું છું - 'મા, મને માથામાં તેલ નાંખી દે ને.' અને પછી સોફા પર બેસેલી મમ્મીના બે પગ વચ્ચે નીચે બેસી ગોઠવાઈને માથે તેલ નખાવું છું ત્યારે હું મારી જાતને જ પ્રશ્ન પુછી બેસું છું કે મારું કયું જીવન શ્રેષ્ઠ હતું ? સૌની વઢ ખાતો, પરાણે પરાણે હુક્મોનું પાલન કરતો કે બેફિકરી જીવન જીવતો એવું મારામાં રહેલું પેલું કિશોરજીવન કે પછી મોટાઈનો અંચળો ઓઢીને સમાજમાં વિચારાતું પેલું સદ્‌ગૃહસ્થાઈ જીવન ?

જીવનપંથની આ પણ એક વિચિત્રતા છે ને ! ક્યારેક હવે હું કુટુંબને લઈને હોટેલમાં જમવા જઈશ ત્યારે મારા પિતાની જેમ હું પણ બિલને હાથ લગાડીશ નહિ. મુખવાસની સાથે આવેલી ટુથપીકથી દાંત ખોતરતાં ખોતરતાં હું નવાસવા ધંધે ચઢેલા મારા પુત્રને એ બિલ ભરપાઈ કરવા દઈશ.

* * *

હવે તો પૂર્ણ રીતે એ પ્રસન્ન લાગે છે, હવે જવાન નહીં - બસ રજા જ માગે છે,
આ એની સાથ દિવસ રાત જાગવાની મજા ! અહીં, તહીં બધે બ્રહ્માંડમાં જે જાગે છે.

- જવાહર બક્ષી

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

ચિંતામણી પાર્શ્વનાથ દાદાના જિનાલયની વર્ષગાંઠ

૨૮-૭-૨૦૧૭ના અમારા ચમત્કારીત પ.પૂ. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાનાં જિનાલયજીના ૧૧૪માં વર્ષગાંઠમાં શુભ અવસરે દાતા મા. શ્રી સોમબાઈ વિસનજી દામજી મોમાયા પરિવાર વરાડીયા - મુંબઈ સ્વ. શ્રી વિપુલાબાઈ નવિનભાઈ મોમાયાના સ્મરણાર્થે શ્રી સકળ સંઘના નાના-મોટા સર્વે સભ્યોની હાજરીમાં હર્ષોલ્લાસથી નીચે મુજબના મંગલ કાર્યક્રમોનું આયોજન ઉજવવામાં આવેલ.

સવારે શુભ ચોઘડીએ શ્રી પ્રભુજીની સ્નાત્રપૂજા થી શરૂઆત કરી નવગ્રહ દશદીગપાલ પાટલા ભરવાની વિધી, ત્યાર બાદ શ્રી મેઘરાજભૂનીકૃત સત્તરભેદી પૂજા ચાલુ કરવામાં આવેલ. જે રાગ-રાગીણી સહ નવ પૂજા ભણાવી શ્રી નૂતન ધ્વજાઓ શ્રી નવકાર યંત્રમાં જાપ સહ શ્રી જીનાલયજીને પ્રદક્ષિણા આપી શ્રી જીનાલયજીના સવારે દંડાશનોથી પક્ષાલ-ધૂપ-દીપ વગેરે પૂજા કરી દશદિગપાલ નવગ્રહ આહવાન બલી-બાકુલા વિધી સહીત શ્રી જિનાલયજીનાં નૂતન ધ્વજા રોહણનો શુભ ચોઘડીએ આરોહણ ઢોલ-નગારાના નાદે ઘંટાનાં ઘંટારવે અને ઝાલરોના ઝાણકારે સમાપન થયેલ. ત્યારબાદ નવગ્રહ-દશદિગપાલ વિસર્જન વિધી કરી, બાકી પૂજા રોગ-રાગીણીથી ભણાવી હર્ષોલ્લાસથી શ્રી પ્રભુજીની આરતી-મંગલદિવો ઉતારેલ.

બપોરે ૩ વાગે શ્રી નવકારમંત્રના ૧ કલાક જાપ જપવામાં આવેલ અને ત્યારબાદ પૂ. શ્રી મહાકાલી-માતાજીની ભાવના ભાવવામાં આવેલ. રાત્રે પ.પૂ. શ્રી પ્રભુજીની ભક્તિ-ભાવના ભાવી સૌ છુટા પડેલ.

નેમનાથ પ્રભુનો જન્મોત્સવ, ભાંડુપ

નેમનાથ પ્રભુના જન્મ વધામણીએ પૂ. સા. શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. આદીઠાણા ચારની તીર્થની ભાવયાત્રાએ સાધ્વી - ભગવંતોએ તીર્થનો ઈતિહાસ અને મહિમા સમજાવી પર્સદાને પ્રસન્ન કરી.

શનીવારના પાર્શ્વનાથ પ્રભુની પુષ્પ પુજાએ પારસના પ્રભુના ભાવશીલ સ્તવનોએ ૧૦૮ પ્રખ્યાત પાર્શ્વનાથ તીર્થોના ઉલ્લેખે સકળ સંઘે પ્રતિમા ઉપર પુષ્પ પુજા કરી.

રવીવારના અશ્વસેન રાજા અને વામાદેવીના રાજ દરબારે પ્રિયવંદા દાસીના ભાવ-નૃત્ય શ્રી સંઘના શ્રાવકો દ્વારા વિવિધ પ્રકારના સજાવટે શણગારેલા સંખ્યાબંધ થાળ પાર્શ્વ કુમારને ભાવ-નૃત્યે ધરાયા.

પાર્શ્વ પ્રભુના માતા-પિતાના રૂપમાં શ્રી હિરાચંદ મણશી ગોશર અને પ્રિયવંદાના રૂપમ કુ. ઉષ્મા અભય ડાઘાએ આકર્ષણ જમાવ્યું. રશ્મી મૈશેરી કુ. પાનેરી, મીનલ અને કુ. શીવાની નાગડાએ દર્શનપ્રિય ગહુંલીઓ રચી હતી. અંતે સૌએ સ્વામીભક્તિનો લાભ આપ્યો. સંપૂર્ણ કાર્યક્રમના ડાયરેક્ટર સાધ્વીજી ભગવંતો રહ્યા.

રક્ષા પૂનમે સ્નાત્ર મહોત્સવે પ્રભુજીને રાખડી બાંધવા કુ. મિતલ મધુકાંત લોડાયાએ ૨૮૦૦૦ પ્રભુ પ્રદક્ષિણાની બોલીએ લાભ લેતાં શ્રી કિર્તી હરિયાએ બે જણને સિધ્ધાચલ તીર્થ યાત્રાની ભેટ આપી. સંખ્યાબંધ શ્રાવિકાઓએ આકર્ષક રાખડી હાથે બનાવી પ્રભુજીના કાંડે બાંધી. પૂર્ણાહૂતીએ સ્વામીભક્તિ રહી.

સા. કૈવલ્યપ્રીયાશ્રીજી મ.સા.નો મહાભદ્ર તપ

ચા.મા. સા. ભ. શ્રી કૈવલ્યપ્રીયાશ્રીજી મ.સા. એ અચલગચ્છ સંઘમાં સર્વ પ્રથમ અતી મુશ્કેલ એવા ૬ મહિનામાં ૧૯૬ ઉપવાસે ફક્ત ૪૯ પારણાંનો ''મહાભદ્ર તપ''ની ૭ મી બારીએ શુભેચ્છા પચ્ચખાણ અને તથાસ્તુનો આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વર મ.સા. ના હાથેથી વાસક્ષેપ લેવા જતાં વિહાર યાત્રાએ ૩૨ જણ જોડાયા. આ.ભ. ભાવ વિભોર થઈ વાસક્ષેપ છાંટી આ મહાન તપની ઘોષણા જાહેર કરી પૂર્ણાહૂતીએ ભાંડૂપ સંઘમાં ત્રણ દિવસ ત્ર્યાન્હિકા મહોત્સવ યોજાશે. ધર્મચક્ર તપમાં ૯ તપસ્વીઓ તપેતપ્યા.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, ગદગ

દેરાસરની ૧૦૩મી વર્ષગાંઠ નિમિત્તે પૂ. નરેશમુની મ.સા. આદી ઠાણાની પાવન નિશ્રામાં ૧-૮-૨૦૧૭ થી ૫-૮-૨૦૧૭ સુધી પાંચ દિવસના મહોત્સવનું આયોજન મહાજનશ્રી દ્વારા તથા માતુશ્રી જવેરબાઈ વિરજી ગાલા પરિવારના સંયુક્તપણે કરવામાં આવેલ. વિધિકાર તરીકે મુંબઈથી શ્રી રાજા નંદુ પધારેલ.

૧-૮ મંગળવાર અઢાર અભિષેક, ૨-૮ દેરાસરની ૧૦૩મી રાજા સત્તરભેદી પૂજા, ૩-૮ શ્રી ભક્તામર મહાપૂજન, ૪-૮ શ્રી ગૌતમસ્વામી મહાપૂજન, ૫-૮-૨૦૧૭ શ્રી સિધ્ધચક્ર મહાપૂજન

દેરાસરની ૧૦૩મી ધ્વજાના લાભાર્થી માતુશ્રી સોનબાઈ વેરશી સાયલા, કચ્છ તેરા ગદગવાળા, હાલ વાપીએ લીધેલ.

અઢાર અભિષેકના દિવસે સાંજના ચોવિહારની

વ્યવસ્થા માતુશ્રી જવેરબાઈ વિરજી ગાલા પરિવારે લીધેલ ધ્વજાના દિવસે મહાજનશ્રી તરફથી સ્વામીવાત્સલ્ય જમણ રાખવામાં આવેલ. મહોત્સવના દિવસે રાયપુરથી સંઘ પધારેલ. તેમનું સન્માન કરવામાં આવેલ. ભાવિકો વધારે સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સકળ બનાવેલ.

કોચીનમાં અષાઢી બીજની ઉજવણી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન, કોચીનમાં અષાઢી બીજની ઉજવણી ૨૪-૬ અને ૨૫-૬-૨૦૧૭ના ખુબજ હર્ષ ઉલ્લાસથી ઉજવવામાં આવેલ. ૨૪-૬ના કાર્યક્રમની શરૂઆત સીનીયર સીટીઝન અને તેમના પૌત્ર-પૌત્રી સાથેના એક અનોખા ફેશન શો થી કરવામાં આવેલ.

૧૯૫૨નું અમુલ્ય મલબાર ક.દ.ઓ. જૈન જ્ઞાતીના વસ્તીપત્રકની ઝલક પ્રમુખશ્રી કિશોર શામજી કુરૂવાએ મોટા પર્દા ઉપર બતાવીને સર્વે વડીલોની યાદ તાજી કરી નાખેલ.

કન્વીનર શ્રી નીશીથ દંડના નેજા હેઠળ થયેલ શ્રી સમસ્ત મહાજનનાં લીડરશીપ સમીટ ૨૦૧૭ના કે.ડી.ઓ. વીઝનનો વીડીઓ સૌની સમક્ષ રજુ કરવામાં આવેલ. સામાન્ય સભા દરમીયાન માર્ચ ૨૦૧૭માં લેવાયેલ જ.જ.ઈ., ૧૨મી, સ્નાતક અને અનુસ્તાનક પરીક્ષાઓમાં સફળ થયેલ વિદ્યાર્થીઓનું સભ્યોનું અભિવાદન કરવામાં આવેલ.

૨૫-૬-૨૦૧૭ના સાંજના શ્રી ઘણી બાવાને નમતા ભાવિકો દ્વારા શ્રી ઘણી બાવાનો સમુહ પેડી માંડવામાં આવેલ. રાતનાં ૯.૩૦ કલાકે શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. ભાવના શ્રી નવીનચંદ્ર ભાણજી ખોના પરિવાર તરફથી પ્રાયોજીત કરવામાં આવેલ.

૨૫-૬-૨૦૧૭ના મદુરાઈ મુકામે પૂ. મુનીવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભ સાગરજી મ.સા. આદિ ઠાણા ૩ના ચાતુર્માસ પ્રવેશ કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ.

૩૦-૭-૨૦૧૭ના કુરૂવા હોલમાં ૧૭ નવેમ્બર ૨૦૧૭ થી શરૂ થનાર શ્રી ગીરનાર ૯૯ જાત્રાની વીગતવાર માહીતીનો કાર્યક્રમ ચેન્નઈથી શ્રી સરેશભાઈ અને શ્રી કેતનભાઈ દેઢીયાના સંગીતથી PPT દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. માતુશ્રી લક્ષ્મીબાઈ વીશનજી મોમાયા હસ્તે ઉત્તમચંદ ભવાનજી મૈશેરીએ ૯૯ જાત્રામાં સંઘપતિ તરીકે નામ નોંધાવેલ. શ્રી કોચીન સંઘ નાતાલની છુટ્ટીઓમાં શ્રી ગીરનાર જાત્રાએ જવાનું નક્કી કરેલ.

૮-૭-૨૦૧૭થી શરૂ થયેલ. ચાતુર્માસમાં શ્રી સંઘ દ્વારા દોઢ મહીનાના આયંબિલ, તપની આરાધના ચાલુ છે. મહા મંગળકારી પર્યુષણ પર્વની આરાધના કરાવવા મુંબઈથી શ્રી નીખીલભાઈ હરીયા અને સાથીઓ પધારવાના છે.

ગાંધીધામમાં ધો.૧૦ - ધો.૧૨માં પ્રથમને રોકડ ઈનામો

માર્ચ-૨૦૧૭માં લેવાયેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષામાં બૃહદ ગાંધીધામ વિસ્તારમાંથી સર્વપ્રથમ આવનાર આપણી જ્ઞાતિના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીને રૂા. ૫૫૫/- તેમજ ધોરણ ૧૨મા માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પણ રૂા. ૫૫૫/-નું રોકડ ઇનામ સ્વ. અ.સૌ. પ્રભા શામજી છેડાની પુણ્યસ્મૃતિમાં, હ. શામજી પદમશી છેડા તરફથી આપવામાં આવશે. તા. ૩૦ ઑગસ્ટ સુધીમાં સંપર્ક સાધવો - મો. 08108667022.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ દ્વારા તાજેતરમાં બનાસકાંઠા જીલ્લામાં થયેલ અતીવૃષ્ટિ તથા વિનાશકારી પુરમાં અસરગ્રસ્ત લોકાને આશરે ૫૦૦ રાહત સામગ્રી-જીવન જરૂરી કીટનું વિતરણ પાલનપુર કલેક્ટર ઓફીસના સંયોગમાં ૩૧-૭-૨૦૧૭ના રોજ સ્થળ ઉપર જઈ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સંસ્થાવતી સર્વ શ્રી કે.ડી.શાહ - ટ્રસ્ટી, અનીલ હરિયા - ટ્રસ્ટી, લહેરચંદ મૈશેરી તથા કીશોરભાઈ ઠક્કર અગ્રેસર રહ્યા હતા.

પાસ થયા અભિનંદન



વૃષ્ટી ભાવેશ મોમાયા
જલગામ - બારોઈ
S.S.C.
82%



તેજસ રાજેશ લોડાયા
હવેરી - સાંયરા
B.E. (Comp. Sci.)
9.0 CGPA



ચાર્મી કુમારપાળ પોલડીયા
ગોએરસમા - જલગામ
H.S.C.
92.92%

અનંતનાથ જિનાલય, ભાંડુપ

અનંતનાથ જિનાલય ધ્વજા મહોત્સવમાં શ્રી મહાકાળી માતાજીની ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપે ભણાવેલ.

નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

સંજય ઉમરશી જીવાણી (PS 7150)	૪૦૫, રાયગઢ કો.હા.સો., એફ વીંગ, મેરેથોન કોમ્પલેક્સ, કર્વે નગર, કાંજુર માર્ગ સ્ટેશનની સામે, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૪૨. મો. : ૦૯૨૨૧૪ ૬૦૭૨૩
શ્રીમતી વિમલા ધનજી દંડ (PS 867)	૧૫૦૩, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭. ફોન: ૦૨૨-૨૫૦૬૬૭૯૫ મો.: ૦૯૮૬૯૨ ૫૭૧૮૨
લક્ષ્મીચંદ દેવશી મોતા (PS 1556)	મુલુંડ મુકેશ એપાર્ટમેન્ટ, રૂમ ૨૦૩, બીજે માળે, બી. પી. ક્રોસ રોડ નં. ૨, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
મેહુલ કીર્તી નાગડા (PS 7268)	ફ્લેટ નં. ૧૩/૧૧૦૧, ૧૧લે માળે, જ્યોતિ બિલ્ડીંગ, શિવરામ કો.હા.સો., દેવીદયાલ રોડ, મુલુંડ બસ ડેપો પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૦૯૯૮૭૪ ૪૨૦૨૭
નારાણજી રતનશી મૈશેરી (PS 2823)	એ/૧૦, માતૃછાયા, બીજે માળે, શાસ્ત્રી સ્કૂલ અને એસબીઆઈ બેન્ક પાસે, માનવેલ પાડા રોડ, વિરાર (ઈસ્ટ) - ૪૦૧ ૫૦૩. મો.: ૮૧૬૯૩ ૯૫૪૭૭, ૯૮૩૩૭ ૫૬૫૭૫
દિનેશ ટોકરશી લાલકા (PS 3577)	રૂમ નં. ૭, શ્રીરામ કૃપા બિલ્ડીંગ, કૈલાશ નગર રોડ નં. ૩, શાસ્ત્રી નગર, કામત બિલ્ડીંગ પાછળ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૦૯૮૨૦૬ ૬૬૮૭૦
કૌશલ લક્ષ્મીચંદ મોમાયા (PS 7320)	૧૫, રંજના કો.હા.સો., બીજે માળે, દીનદયાલ રોડ, ડીએનએસ બેન્કની સામે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: કૌશલ ૮૬૨૩૦ ૮૩૧૧૫, ધનશ્રી ૮૧૪૯૫ ૨૦૮૮૮
જીગર હીરાચંદ લાલકા (PS 6230)	સી-૩૦૩, ઉમીયા કોમ્પ્લેક્સ, ગરીબાચા વાડા, મહાત્મા ફુલે રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો. : ૭૬૭૮૦ ૪૪૦૯૭, ૯૮૩૩૮ ૦૮૨૦૦
કેતન લખમશી દંડ (PS 5443)	૩૦૩, હની ચૈતાલી એપાર્ટમેન્ટ્સ, પ્લોટ ૧૮૮, સી. એ. રોડ, વર્ધમાન નગર ચોક, નારાયણી જીમખાના પાસે, નાગપુર - ૪૪૦ ૦૦૮. મો. : ૦૯૪૮૦૦ ૫૬૪૭૩, ૦૯૪૪૯૦ ૭૬૪૭૩
શ્રીમતી સાધના નયન લોડાયા (PS 7082)	રામલાલજી એપાર્ટમેન્ટ્સ, બીજે માળે, વંજારી ફેઈલ રોડ, સ્કુલ ઓફ સ્કોલર્સની સામે, યવતમલ - ૪૪૫ ૦૦૧. મો.: ૦૭૮૭૫૭ ૧૪૯૯૯
બુધ્ધિધન પદમશી મોમાયા (PS 5966)	અરિહંત, ૧૬/૨૮, વિનાયગા પુરમ, ૧લી સ્ટ્રીટ, રાયાપુરમ એક્સટેંશન, તિરૂપુર - ૬૪૧ ૬૦૧.

જીવનચક્ર

સગપણ

૦૫-૦૮-૧૭	હૈદરાબાદ	હાર્દિક ચંદ્રકાંત જીવરાજ મોતા	વારાપધર	૨૬
	હૈદરાબાદ	વામિની આશીત મુલજી મોમાયા (પટેલ)	સાંયરા	૨૨
૦૬-૦૮-૧૭	ડોમ્બીવલી	મોનીશ નવીનચંદ્ર નરશી સાયલા	મંજલ	૩૨
	અંબરનાથ	વર્ષા નિરંજન વિશનજી લોડાયા	વારાપધર	૩૧

આંતરજ્ઞાતીય સગપણ છૂટા થયા

૦૫-૦૮-૧૭	ટોરોન્ટો (કેનેડા)	બીરેન વિશાભાઈ પટેલ	ગાંધીનગર	૩૦
	ટોરોન્ટો (કેનેડા)	નેહા દીપક પાશવીર નાગડા	રંગપુર	૨૮

આંતરજ્ઞાતીય લગ્ન

૧૧-૦૭-૧૭	વાશી	મનન જગદીશ ડુંગરશી દંડ	બાયઠ	૨૯
	નેરૂલ	યશશ્રી મધુસુદન કૃષ્ણાજી પરાંજપે	રાજાપુર	૨૭

મરણ

૦૫-૦૮-૧૭	ગુંટુર	ચંદ્રકાંત દેવશી ડાઘા	ગોએરસમા	૬૧
૦૭-૦૮-૧૭	બરોડા	શશીકલા વીરચંદ લાલકા	બાંઠીયા	૭૫

।। આઠમી પુણ્ય તિથી ।।

: જન્મ :
૨૨-૧૨-૧૯૪૨

: અરિહંત શરણ :
૧૨-૦૮-૨૦૦૯



સ્વ. કુલીનકાંત ગોવિંદજી નાગડા

સુખથી છલક્યા નહી, દુ:ખતી ડગ્યા નહી,
કષ્ટો સહન કરી આપે કર્યું અમારૂ જીવન ઘડતર
આપની છત્રછાયામાં થયું અમારા વ્યક્તિત્વનું ચણતર
આપણા થકીજ થયું અમારા માં સુસંસ્કારોનું સિંચન
છોડયો તમે હાથ, મજબુર અમે થઈ ગયા
હજુ જોઇતો હતો સાથ, પણ તમે દૂર થઈ ગયા
મળેછે દેહ માટીમાં પણ, માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે. માનવી પોતે, પણ સત્કાર્યો જીવે છે.

શ્રીમતી મધુબેન કુલીનકાંત નાગડા પરિવાર

ગામ : તેરા, હાલ : નાંદેડ

પુત્ર અને પુત્ર વધુ - કેતન - મિનલ
પુત્ર અને પુત્ર વધુ - પારસ - દિપાલી
જમાઈ અને દિકરી - મનિષ - સોનલ
(કોઈમતુર)

પૌત્ર - જીનેન, સુમીત અને ઋષભ
પૌત્રી - ટીના, દોહિત્ર - હરશિક
વ સમસ્ત નાગડા પરિવાર, નાંદેડ.

Heartly Congratulation

મૈશેરી અને લોડાયા પરિવારનું ગૌરવ

દેવગુરૂની કૃપાઓ વડિલોના આર્શીવાદ
અને પોતાની અથાગ મહેનત,
લગન અને ધગસથી શૈક્ષણિક
કારકિંદીના પથ પર **ચિ. હેમિનાએ**
CA Final માં પ્રથમ પ્રયાસે ઉત્તિર્ણ
થઈ ઝળહળતી સફળતા મેળવી
પરિવારનું ગૌરવ વધારેલ છે.
ખૂબ ખૂબ અભિનંદન.

CA હેમિના
ચંદ્રકાંત શામજી મૈશેરી
જખૌ - ડોંબિવલી

ભવિષ્યમાં દરેક ક્ષેત્રે સફળ થઈ
કુટુંબ-સમાજ-દેશનું નામ
રોશન કરે એજ
અંતરથી અભિલાષા.

-: શુભેચ્છક :-

દાદાણા : **માતુશ્રી દેવકાંબેન શામજી મૈશેરી** - (જખૌ)
નાનાણા : **માતુશ્રી મણીબેન પદમશી લોડાયા** - ગદગ (કોઠારા)
માતા-પિતા : **દીના ચંદ્રકાંત શામજી મૈશેરી**

HEARTY CONGRATULATIONS!

પોલડીયા અને નાગડા પરિવારનું ગૌરવ

ચિ. ચાર્મી કુમારપાળ પોલડીયા
(ગોએરસમા - જલગામ)

ચિ. ચાર્મી (H.S.C.) મહારાષ્ટ્ર બોર્ડ પરિક્ષામાં ૯૨.૯૨ અને
ગણિત વિષયમાં ૧૦૦/૧૦૦ માકર્સ મેળવ્યા છે.
તેમજ CA - CPT Entrance માં ૧૭૦/૨૦૦ મેળવ્યા છે.
કથ્થક નૃત્યમાં વિશારદ પ્રથમ શ્રેણીમાં પૂર્ણ કરેલ છે.
ઝળહળની સફળતા બદલ ખુબ ખુબ અભિનંદન!

શુભ આશિષ
દાદાણા : માતુશ્રી વિમલાબેન લક્ષ્મીચંદ પોલડીયા
નાનાણા : માતુશ્રી મંજુલાબેન લક્ષ્મીચંદ નાગડા
માતા-પિતા : સૌ. ગિષ્મા કુમારપાળ પોલડીયા
ભાઈ : મયુર કુમારપાળ પોલડીયા

VED - 9881138384

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (14-08-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

પ્રથમ પુણ્યતિથીએ માતુશ્રી ને અશ્રુભીની શ્રધ્ધાંજલિ

સ્વ. અ. સૌ. સુશીલા હરીશ લોડાયા

ગામ: કોઠારા　　હાલે: યુ.એસ.એ. ગોવા

જન્મ: તા. ૬/૯/૧૯૪૯　　અરિહંત શરણ: ૨૩/૮/૨૦૧૬

અમારી ખૂબજ પ્રેમાળ મમ્મી

મમ્મી શા માટે તમે અમને આટલા વહેલાં છોડી ચાલ્યા ગયા?
તમારે શા માટે જવાનું હતું? અમે તમને દરેક ક્ષણે ખૂબજ યાદ કરીએ છીએ.
શું તમે સમજી શક્યા નથી કે અમે તમને કેટલો પ્રેમ કરીએ છીએ?
થોડો સમય સુધી અમને બધાને શુભેચ્છા - ભેટ આપવા માટે,
તમારા પ્રકાશ સાથે અમને માર્ગદર્શન આપવા માટે થોડો વધુ સમય રોકાતા.
મમ્મી શા માટે તમે અમને આટલા વહેલાં છોડી ચાલ્યા ગયા?
તમારે શા માટે જવાનું હતું? અમે તમને દરેક ક્ષણે ખૂબજ યાદ કરીએ છીએ.

ખૂબજ પ્રેમથી સ્મરણકર્તા

પતિ: સ્વ. હરીશ વીસનજી લોડાયા (અજાણી)

પુત્ર: મનીષ હરીશ લોડાયા　　પુત્રવધુ: ટાલીયા મનીષ લોડાયા

પુત્ર: ભાવેશ હરીશ લોડાયા　　પુત્રવધુ: મનીષા ભાવેશ લોડાયા

પૌત્ર: વત્સલ ભાવેશ લોડાયા, વરુણ ભાવેશ લોડાયા, રામી મનીષ લોડાયા

પિયર પક્ષ: મેઘજી વેલજી મોતા (વાંકુ)

સાસરીયા પક્ષ: વસનજી હેમરાજ લોડાયા (કોઠારા)

if undelivered, please return to :
C.D.O. PRAKASH SAMIKSHA, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,